
# બ્રાહ્મણ જાગે સાધુ ચેતે



- શ્રીરામ શર્મા આચાર્ય

# બ્રાહ્મણ જાગે-સાધુ ચેતે


લેખક

પં. શ્રીરામ શર્મા આચાર્ય



પ્રકાશક

યુગ નિર્માણ યોજના

ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

૨૦૦૯ કિંમત રૂા. ૭.૦૦



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રાહ્મણોને શાસ્ત્રોમાં 'ભૂ-સુર' કહેવામાં આવ્યા છે. 'ભૂ-સુર'નો અર્થ છે 'પૃથ્વીના દેવતા'. એક દેવતા તે હોય છે જે સ્વર્ગમાં રહે છે અને અદૃશ્ય રૂપે લોકોની સેવા-સહાયતા કરે છે. તેમની કૃપા મેળવવા માટે લોકો વિવિધ પ્રકારના પૂજા-ઉપચાર કરે છે જેથી દેવતા પ્રસન્ન તેમજ સંતુષ્ઠ રહે અને પોતાની કૃપાનો વરસાદ આ ધરતી ઉપર વરસાવતા રહે. લગભગ આવી જ સ્થિતિ ભૂસુરો (પૃથ્વીના દેવતા)ની પણ છે, આ પૃથ્વીના દેવતા, બ્રાહ્મણોની યોગ્ય પૂજા હિન્દુ સમાજમાં થાય છે. તેમને બીજા વર્ણોથી ઉંચા માનવામાં આવે છે. ઓછી ઉંમરવાળા બ્રાહ્મણોને પણ મોટી ઉંમરવાળા બીજા માણસો પ્રણામ કરે છે. આવું એટલા માટે કરવામાં આવે છે કે આકાશમાં રહેવાવાળા અદૃશ્ય દેવતાઓની માફક આ પ્રત્યક્ષ દેખાવાવાળા પૃથ્વીવાસી બ્રાહ્મણ દેવતા પણ આપણી શ્રદ્ધા, ભાવના, દાન-દક્ષિણા વગેરેથી સંતોષ પામીને આપણા કલ્યાણનું આયોજન કરશે.

## સમાજ-પુરુષનો મોભો-બ્રાહ્મણ

બ્રાહ્મણોનું સ્વરૂપ જ એવું છે. શાસ્ત્રોમાં તેમના કર્તવ્યો એટલા બધા કઠીનતાપૂર્ણ વર્ણવ્યાં છે કે જેનું પાલન કરવાવાળાને દેવતા જ કહેવો પડે. જે બ્રાહ્મણની પરીક્ષામાં સાચો ઉતરે તેને દેવતા નહીં તો બીજું શું કહીશું ? શ્રદ્ધાના મહાન આદર્શો તરફ નિષ્ઠાવાન બની રહેવા માટે ભાવના સભર ઈશ્વર-ઉપાસના, વ્યક્તિત્વને શ્રેષ્ઠ બનાવવા માટે આત્મ-નિર્માણની કઠોર જીવનસાધના અને લોકમાનસમાં સદ્પ્રવૃત્તિઓ વિકસિત કરવા માટે નિરંતર શ્રમ આ ત્રણ કાર્યક્રમ જેણે પોતાના માટે નક્કી કર્યા છે અને જે આ રાજમાર્ગ ઉપર હંમેશાં ચાલતા રહીને પોતાનું જ નહીં સમગ્ર સંસારનું કલ્યાણ કરે છે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમના ચરણો ઉપર બધાના માથા નમી જાય તે સ્વાભાવિક છે.

ઋગ્વેદના પુરુષો સૂક્ત મંત્રોમાં સમાજના સ્વરૂપનું નિર્માણ કરાવતા બ્રાહ્મણને 'મુખ'ની ઉપમા આપી છે. આ ઘણી જ સાર્થક ઉપમા છે. મુખ અર્થાત્ શિર, તેમાંજ મગજ, જીભ, નાક, કાન, આંખ, વાણી વગેરે મહત્ત્વના અવયવો રહેલા છે. જીવનની સ્થિરતા, પ્રસન્નતા, તેમજ પ્રગતિનો ૩/૪ ભાગનો આધાર આ ગળાથી ઉપરના ભાગ ઉપર જ નિર્ભર રહે છે. મગજની પ્રખરતા, બુદ્ધિ, વિચારધારા, તર્ક-વિવેચના, સૂઝ-બૂઝ વગેરે પર જ આખા શરીરને સુખ-દુઃખ, સન્માન-અપમાનનો અવસર મળે છે. મગજ પાગલ, ભ્રમિત, મૂઢ, વિકૃત બની જાય, વિપરિત વાતો વિચારે, શંકાઓ ભરાયેલ રહે, ડગલે-પગલે પરેશાન થાય, તો આવો માણસ દરેક જગ્યાએ તિરસ્કાર પામશે અને શરીરના બીજા અંગોની પણ ભોજન, વસ્ત્ર જેવી જરૂરિયાતોને મેળવવાનું મુશ્કેલ બની જશે. બ્રાહ્મણની વિચારણા જો ઉલટી થઈ જાય તો તેનો ભોગ સમાજે બનવું પડશે. ગાંડા માણસના કોઈ અંગને કયું સુખ મળે છે ? સમાજના માનસિક નેતૃત્ત્વની જવાબદારી પોતાના ખભે ઉઠાવવાવાળો બ્રાહ્મણ તો તેનું પરિણામ ફક્ત બ્રાહ્મણોનું પતન નહીં પણ સમાજના પતનથી આવશે.

બ્રાહ્મણ મગજ જ નહીં સમાજની આંખ પણ છે. તે દૂરદર્શિતાપૂર્વક સૂક્ષ્મ દૃષ્ટિથી બારીકાઈથી એ જોયા કરે છે કે મારી અંગત વિચારધારા, ભાવના, આકાંક્ષા, કાર્ય-પદ્ધતિ તેમજ આદર્શોમાં ક્યાંય કોઈ ખામી તો નથી આવી ગઈ, જો કોઈ ખામી દેખાય છે તો તે તેને દૂર કરવાના પ્રયાસમાં લાગી જશે. ચરિત્ર જ બ્રાહ્મણનું ધન છે. તેમાં દોષ આવી જાય તો પછી તેની પાસે બચ્યું જ શું ? આવી રીતે તે સમાજ પુરુષને પણ પોતાની આત્માનો પહેરવેશ માને છે અને એ જૂએ પણ છે કે માનવ સમાજમાં ક્યાંય ચારિત્રિક, માનસિક, ભાવાત્મક દોષ-દુર્ગુણ તો પેદા નથી થઈ રહ્યા. સ્વચ્છ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમજ સભ્ય-સંસ્કારી સમાજ માટે પણ બ્રાહ્મણને પહેરેદારની માફક પ્રયત્નશીલ રહેવું પડે છે. જ્યાં તે ખામીઓ દેખાય છે તેને સુધારવા માટે પોતાની બધી જ શક્તિ લગાવી દે છે. આવું તેને કરવું જ પડશે. આંખોનું કામ છે કે તે પરિસ્થિતિને સાવધાનીપૂર્વક જૂએ અને જ્યાં જે અવ્યવસ્થા દેખાય તેને વ્યવસ્થિત કરાવવાની વ્યવસ્થા કરવા માટે યોગ્ય અંગોને પ્રેરણા આપે. બ્રાહ્મણે પણ આ જ કરવાનું હોય છે. એટલા માટે તો તેને મુખ કહેવાયો છે.

મોંઢાની અંદર જીભ હોય છે જેને બે કામ કરવા પડે છે-એક ભોજન નિયંત્રણ, બીજું વાણી ઉચ્ચારણ, આ બંને કામ બીજા કામો કરતાં વધારે મહત્ત્વના છે. શું ખાવા લાયક છે, શું ખાવા લાયક નથી, શું યોગ્ય છે, શું અયોગ્ય છે તેનો નિર્ણય જીભે જ કરવો પડે છે. જે ઉપયોગી હોય છે તેને જ તે અંદર જવા દે છે, નહીંતર તેને ચાખીને જ પાછું વાળી દે છે. કડવા, ઝેરી, ગંદા પદાર્થ તે અંદર જવા દેતી નથી. આવી રીતે બ્રાહ્મણ, સમાજરૂપી શરીરમાં બિનઉપયોગી તત્ત્વોને અંદર આવવા દેતો નથી. તે પૂરે-પૂરી ચોકીદારી કરે છે કે કોઈ ઝેરી, ખરાબ પ્રવૃત્તિઓનું ભક્ષણ ક્યાંક લોકોના મનમાં-શરીરમાં પ્રવેશી ન જાય, તેનું ધ્યાન બ્રાહ્મણે રાખવું પડે છે.

મોંઢું જે મેળવે છે તે તેની પાસે નથી રાખતું, પરંતુ ચાવી-પીસીને રસાયણ-પ્રવાહી બનાવે છે અને પેટમાં મોકલે છે જેથી તેનો રસ-લોહી બનીને આખાય શરીરને પોષણ મળે. બ્રાહ્મણ અપરીગ્રહી હોય છે, લોકો તેને ખૂબ દાન-દક્ષિણા આપે છે. સ્વયં પોતાની યોગ્યતા તેમજ પ્રતિભાથી પણ કમાઈ શકે છે, પરંતુ તે કમાણીમાંથી શરીરના પોષણ જેટલું લઈ બાકીનું બધું કોઈને કોઈ સ્વરૂપે સમાજને પાછું આપી દે છે. તેની બધી જ કમાણીનો લાભ સમાજ ઉઠાવે છે. મોંઢાને સ્વાદિષ્ટ પદાર્થ આપવામાં આવે છે તે તેને પણ લે છે, પણ આ હાથે લઈ પેલા હાથે આપી દેવાની નીતિથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તરત જ તે સમાજને લાભદાયી થાય તેવું આયોજન કરી નાંખે છે. જે કણો દાંતોમાં ભરાઈ રહે છે તેને પણ તે કોગળો કરીને બહાર કાઢી નાંખે છે, બ્રાહ્મણે મોંઢાની માફક અપરીગ્રહી બનવું જોઈએ.

જીભ બીજું કામ કરે છે-બોલવાનું. મીઠું મધુર બોલવું, લાભદાયી બોલવું, સીમિત બોલવું વાણીના લક્ષણો છે. આ લક્ષણો જેની જીભમાં છે તે પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે છે, પોતાના માટે વ્યક્તિગત જીવનની પ્રગતિની અનેક દિશાઓથી પરિચિત પણ થાય છે. એટલું જ નહીં જ્યારે બીજાઓને તેમના કલ્યાણની સલાહ સાચા માર્ગ તરફ ચાલવાના માર્ગદર્શન તેમજ પ્રગતિ માટે પ્રોત્સાહન આપવાનો ક્રમ બનાવી લેવાય છે તેનું પરિણામ સમગ્ર સમાજ માટે શુભ હોય છે. સંસારની જેટલી સેવા જીભ દ્વારા થઈ શકે છે તેટલી બીજી કોઈ પ્રકારે નથી થતી, એટલા માટે બ્રાહ્મણ પોતાનો સેવા-ધર્મ વાણી દ્વારા જ નિભાવે છે. કથા, પ્રવચન, સત્સંગ, સલાહ, વિચાર-વિનિમય જેવા તેના કાર્યક્રમો ચાલતા જ રહે છે. પરિણામે સમય-સમય પર કેટલાય લોકોને તે પ્રકાશ મળે છે જેને આધારે તે પોતાના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી શકે. આ સેવાનું ઉચ્ચતમ સ્વરૂપ છે. આજે 'પ્રેસ-યુગ' આવી ગયો છે, આ પ્રવચન કામ એક મર્યાદા સુધી લખાણ દ્વારા પણ થવા લાગ્યું છે.

ઉપરોક્ત આધાર ઉપર બ્રાહ્મણની સરખામણી મોંઢા સાથે કરાઈ છે જે યોગ્ય જ છે. તે સમાજનું માથું છે. માથું બરાબર રહેશે તો બધું જ બરાબર થઈ જશે. ખરાબ સ્થિતિ પણ સુધરી જશે, પણ જો માથું પોતાનું કામ કરવાનું છોડી દે તો સુધરેલી સ્થિતિ બગડતાં વાર નહીં લાગે. જે વ્યક્તિએ સમાજ રૂપી શરીરમાં પોતાનું સ્થાન તેમજ કર્તવ્ય માથા બરાબર માન્યું છે તેનો જેટલો મહિમા ગવાય તેટલો ઓછો છે, જેટલી ઉપયોગીતા માનવામાં આવે તેટલી ઓછી છે. આ આધાર ઉપર તેને 'ભૂ-સુર' કહેવામાં આવે છે. બ્રાહ્મણ નક્કી પૃથ્વીનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેવતા છે. દેવતા તેને જ કહેવાય જે આપતો રહે છે. જે આપે તે દેવતા અને જે લે તે લેવતા. સ્વાર્થીઓની લેવતાને કારણે પરમાર્થીઓને દેવતા કહેવામાં આવે છે. કારણ કે બ્રાહ્મણનો જીવનક્રમ પરમાર્થથી ઓત-પ્રોત છે. તેથી તેને દેવતા કહેવો સાર્થક જ છે. દેવતાઓની પૂજા થવી જોઈએ. તેમને પ્રણામ, અભિનંદન તેમજ ભેટ-પૂજાથી સન્માનિત કરવા જોઈએ. બ્રાહ્મણનું આવું જ સન્માન પણ કરવામાં આવે છે.

## બ્રાહ્મણ અને બ્રાહ્મણત્વ

વેદ ભગવાને મનુષ્યને બ્રાહ્મણ બનવાની અને બ્રાહ્મણત્વ અપનાવવાની પ્રેરણા આપી છે અને કહ્યું છે

'मर्त्या हवा अग्ने देवा आसुः' । અર્થાત્ શુભ કર્મ કરો અને આ શરીરથી 'ભૂ-સુર'નું પદ મેળવો.

'आर्यावता विसृजन्तो अधिक्षामिं' । અર્થાત્ તે પ્રત્યક્ષ દેવતા છે જે ધર્મ પ્રેરણાને સજીવ રાખવા માટે મરી મીટે છે.

'अग्निऋषेः पावामानः पाञ्चजन्य पुरोहितः । અર્થાત્ પુરોહિતની પવિત્ર જવાબદારી ફક્ત તે લોકો ઉઠાવે જેનામાં આવશ્યક ગુણ હોય.

'तमेव ऋषिं तमु ब्राह्माणसाहुर्यज्ञन्य सामगा' । અર્થાત્ તે ઋષિ અને તે બ્રાહ્મણ છે જે પોતાના જ્ઞાનથી બીજાને સન્માર્ગ ઉપર લાવે છે.

'परातत सिंचयते राष्ट्रं ब्राह्मणे यत्र जीवते' । અર્થાત્ જ્યાં બ્રાહ્મણ હારે છે તે દેશ ખલાસ થઈ જાય છે.

'ब्राह्मणं यत्र हिंसन्ति तद् राष्ट्रं दुन्दुना' । અર્થાત્ જ્યાં બ્રાહ્મણની ઉપેક્ષા થાય છે તે દેશ દુઃખ મેળવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'न **ब्राह्मणस्य गां जध्वा राष्ट्रं जागारकश्यन**' । અર્થાત્ જ્યાં બ્રાહ્મણનો તિરસ્કાર થાય છે ત્યાંથી સુખ શાંતિ ચાલી જાય છે.

'देव उन्नयता पुनः' । અર્થાત્ હે બ્રાહ્મણો ! પડેલાઓને ફરીથી ઊભા કરો.

'**प्रियं अतिथिं गृणीपणि**' અર્થાત્ હે સન્માન યોગ્ય બ્રાહ્મણો, ફરી-ફરીને ધર્મોપદેશ કરતા રહો.

આવી રીતના સિદ્ધ વચનો શાસ્ત્રોમાં ડગલેને પગલે ભરેલા પડ્યા છે, જેમાં બ્રાહ્મણોના કર્તવ્યો, ગૌરવ, મહત્ત્વ તેમજ સન્માનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. દેવતાની પૂજા-પ્રાર્થના પણ થવી જોઈએ. જેનું ચરિત્ર પવિત્ર છે, આદર્શો શ્રેષ્ઠ છે અને કામમાં સેવા ધર્મ વણાયેલા છે, તે દેવતા તરફ ઉચિત શ્રદ્ધા પ્રકટ થવી જ જોઈએ. તેનો અનાદર કરવો ઉચિત નથી. જે બ્રાહ્મણનું મૂલ્ય-મહત્ત્વ નથી સમજતા, તે દુ:ખ અને દરિદ્રતા ભોગવે છે, તેમાં કશું જ વધારે પડતું નથી. આ સંદર્ભમાં બ્રાહ્મણના ગુણ, કર્મ, સ્વભાવનો પણ ઉચિત નિર્દેશ કરવામાં આવ્યો છે, તે ગુણોને કારણે જ તેમને માન તેમજ ગૌરવ મળ્યું છે. જો તે ન રહે તો પછી તેમનું મૂલ્ય જ શું રહે.

બ્રાહ્મણનો પ્રથમ સંકલ્પ – "वयं राष्ट्रे जागृयाम पुरोहिताः ।" – અર્થાત્ અમે બ્રાહ્મણ રાષ્ટ્રને જાગૃત તેમજ જીવંતુ રાખીશું. આપણા સમાજમાં નવજીવનનો સંચાર કરતા રહેવું તેમજ તેને કર્તવ્ય, ધર્મ અપનાવતા રહેવા માટે જાગતો રાખવો બ્રાહ્મણની પવિત્ર જવાબદારી છે. તે જવાબદારીને પૂરી તત્પરતાથી તેમજ સાવધાનીપૂર્વક નિભાવતા રહેવું તે જ બ્રાહ્મણનો ધર્મ છે. બ્રાહ્મણ ખરેખર સમાજનો સાચો નેતા છે, કારણ કે તેના દ્વારા લોકમાનસને પથ-ભ્રષ્ટ થવામાંથી બચાવી શકાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# કઠોર કર્તવ્ય અને મહાન જવાબદારી

પોતાના પદને અનુરૂપ બ્રાહ્મણનું કર્તવ્ય જ કઠોર તેમજ મહાન છે. તેને સૌ પ્રથમ પોતાને કસવું પડે છે, પોતાના દોષ, દુર્ગુણો સાથે લડવું પડે છે, મનન તેમજ ચિંતન દ્વારા પોતાની વાસના તેમજ તૃષ્ણાને હરાવવી પડે છે, સંયમની પરીક્ષા ઉપર હંમેશા કસતા રહેવુ પડે છે. એટલા માટે એ જરૂરી છે કે બીજા લોકોની સરખામણીમાં પોતાનું ચરિત્ર તેમજ વ્યક્તિત્વ ઉચ્ચુ નહીં હોય તો પછી માર્ગદર્શનની પ્રક્રિયા લથડશે. વક્તાને સાંભળવાવાળા કરતાં થોડા ઉચા સ્થાને બેસવું પડે છે ત્યારે તે તેમના ચહેરા જોઈ શકે અને પ્રવચન સંભળાવી શકે છે. જો વક્તા શ્રોતાઓની હરોળમાં જ આવીને બેસે અથવા તેનાથી પણ નીચે બેસી જાય અને પછી પ્રવચન કરે તો સાંભળવાવાળા ના તો તેનો ચહેરો જોઈ શકશે અને ના તો અવાજ સારી રીતે સાંભળી શકશે. આવી રીતે જનતાનું ધાર્મિક નેતૃત્વ કરવાવાળો માણસ જો વ્યક્તિત્વ તેમજ ચરિત્રની દૃષ્ટિએ બીજા કરતાં ઉચો ન હોય તો તેની લોક નેતૃત્વની કાર્યપદ્ધતિ નિષ્ફળ જશે.

ભારતીય જનતા કૃતઘ્ન નથી. તેણે બ્રાહ્મણો દ્વારા કરવામાં આવતી સમાજની સેવાની ઉપયોગિતા તેમજ મહત્ત્વને સમજ્યું છે અને બદલામાં વધારે નહીં તો એટલું તો કર્યું છે કે તેને ઉચ્ચતમ સામાજિક સન્માન આપવા ઉપરાંત આવકની પણ નિર્બંધ વ્યવસ્થા કરી દીધી છે. પગારના રૂપે નહીં, સન્માનીય શ્રદ્ધા સ્વરૂપે. નિયમિત પગાર પણ આપી શકાય, પરંતુ તેમાં તેનું સન્માન ઘટત. તે કર્મચારીના સ્તર ઉપર આવી જાત, એટલા માટે તેમના ગૌરવ યોગ્ય એ જ હતું કે નિર્વાહની વ્યવસ્થા પણ થઈ જાય અને સન્માનમાં ઓટ પણ ન આવે. હિંદુ ધર્મમાં ડગલે ને પગલે ધર્મ-ઉત્સવો, વ્રત-ઉપવાસો, કથા-પ્રવચનો, સંસ્કાર, તહેવારો, શ્રાદ્ધ, જન્મદિવસો આવે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. દરેક ગૃહસ્થે આ બધું ઘણી વખત કરવું પડે છે. બધામાં અન્ન, વસ્ત્ર, ધન, ફળ વગેરેનું દાન કરે છે અને તેના અધિકારી બ્રાહ્મણ જ હોય છે. આથી બધા જ નાના ગામમાં ચાર, છ બ્રાહ્મણ પરિવાર પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી લે છે. લોકોની આ ગુણ-ગ્રાહકતા, કૃતજ્ઞતા બધી પ્રકારે આવકારદાયક છે.

આ ક્રમ બંને બાજુએ જ્યાં સુધી બરાબર ચાલે છે ત્યાં સુધી સમાજની વ્યવસ્થા સારી રીતે ચાલતી રહે છે. બ્રાહ્મણ ઘેર ઘેર જઈને પોતાના યજમાનોને ઉપદેશ આપે છે. સ્ત્રીઓ, બાળકો, યુવકો, યુવતિઓ, વૃદ્ધો બધાને તેમના કર્તવ્યો સમજાવતા હતા. જે પથ-ભ્રષ્ટ થતા તેને સંભાળતા. જે રીતે સ્વાસ્થ્યનો વીમો લેનાર વીમા કંપનીઓ દ્વારા નિયુક્ત 'ફેમિલી ડૉક્ટર' પોતાના વીમેદારોની સ્વાસ્થ્ય સંબંધી પૂછપરછ અને વ્યવસ્થા જાતે જ કરે છે તેવી રીતે પુરોહિતોનું કર્તવ્ય હતું કે પોતાના યજમાનોમાંથી કોઈ આબાલવૃદ્ધ કુસંસ્કારવાળું તેમજ કુમાર્ગી ન બને. યજમાનોના ઘરમાંથી પ્રત્યેક સભ્ય સાથે તે ગાઢ અને આત્મિય સંબંધ રાખતા હતા અને તેને ઉચિત માર્ગદર્શન આપતા. જ્યાં સદ્બુદ્ધિ રહેશે, નીતિપૂર્વક જીવન જીવવાની પદ્ધતિ અપનાવાઈ હશે ત્યાં સુખ, સમૃદ્ધિની કમી કેમ રહેશે ? બધા જ લોકો આબાદ બનશે. પુરોહિતોએ માળી બનીને જે બગીચાને વાવ્યો, સિંચ્યો, મોટો કર્યો છે તે પાન-પુષ્પોથી રક્ષિત અને લદાયેલ કેમ નહીં હોય ? યજમાનોના ઘેર જઈને સંસ્કાર પર્વ વગેરે પ્રસંગોએ ઉદ્બોધન અને પોતાના ઘર-આશ્રમોમાં યજમાનોના બાળકોને ભણાવવા માટે ગુરુકુળનું સંચાલન આ બ્રહ્મચર્ય તેમના આત્માને પણ પૂરેપૂરો સંતોષ આપતું હતું અને બધા લોકો તેને તેની આ સેવા-સાધનાનું સત્ પરિણામ માનતા હતા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પીછેહઠ અને પતનની દીશા

ધીરે ધીરે આ દીશા બદલાઈ. શ્રમ બદલાયો, શ્રમની જગ્યા આળસે લીધી, વધારે આવકનો લોભ ઉપજ્યો, શ્રેષ્ઠ વ્યક્તિત્વ રાખવાની કષ્ટદાયક જીવન સાધનાની અવગણના થવા લાગી, સ્વાધ્યાય તરફથી મોં ફેરવી લેવામાં આવ્યું અને સેવા કરવાની બંધ થઈ ગઈ. જ્યાં બ્રાહ્મણ સમાજની અમૂલ્ય સેવા કરતા હતા અને બદલામાં નિર્વાહની થોડીક સુવિધા મેળવતા હતા, હવે વધારેમાં વધારે દક્ષિણા ભેગી કરવાનું તો યાદ રહ્યું પણ સેવાના કર્તવ્યો ભૂલાઈ જ ગયા છે. પહેલાં પોતાની વિદ્યા, નમ્રતા, સેવા તેમજ સદ્‌ગુણોને કારણે તેમને સન્માન મળતું હતું. તેનાથી સમૃદ્ધ બનતા હતા. હવે વંશને જ શ્રેષ્ઠતાનો આધાર માની લેવાયો છે અને એવું વિચારી લેવામાં આવ્યું કે અમુક વંશમાં જન્મ લેવાને કારણે અમે સૌથી શ્રેષ્ઠ છીએ અને આ વંશપરંપરાગત શ્રેષ્ઠતાને કારણે જ આપણને તે અધિકાર મળી ગયો કે વગર લોક-સેવાએ પણ લોકોનું સન્માન તેમજ દાન-દક્ષિણા મેળવતા રહીએ.

શું આ આધાર બરાબર છે ? શું કોઈ સેવા તેમજ શ્રેષ્ઠતાથી પણ સન્માનીત થઈ શકે છે ? શું વંશને કારણે જ કોઈને ઉચ્ચ માની શકાય ? પછી કોઈ ઉચ્ચ હોય તો પણ શું તેને યોગ્ય ફરજ બજાવ્યા વગર કોઈની પાસેથી દાન વગેરે લેવાના અધિકાર છે ? આ પ્રશ્નોનો જવાબ 'ના'માં આવે છે.

આપણા પૂર્વજો ઋષિ અથવા બ્રાહ્મણ હતા એટલા માટે આપણને તેવા જ માની લેવા જોઈએ. આ માગણી હાસ્યાસ્પદ છે. કોઈના પિતા કલેક્ટર હતા પરંતુ તે પોતે નોકર છે તો આવી સ્થિતિમાં તે નોકરની માગણી કેવી રીતે સ્વીકારી શકાય કે વંશપરંપરા મુજબ તેને પણ કલેક્ટર માની લેવામાં આવે. ડૉક્ટર માનીને ઉપચાર કરાવવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે કોણ તૈયાર થશે ? કોઈ સંગીતકારના સંતાનને જો ગાવા, વગાડવાનું કશું જ આવડતું ન હોય તો સંગીત સંમેલનમાં ઉચ્ચ સ્થાન કેવી રીતે મળે ? કિંમત ગુણોની છે, વંશપરંપરાની નથી. આ સત્યથી અળગા થઈ શકાય નહીં. જેમ બ્રાહ્મણ પોતાના કર્તવ્યાં ભૂલતા ગયા અને સન્માન અને દાન માટે લાલચું બન્યા એવી દશામાં લોકોની દૃષ્ટિએ તેમનું મૂલ્ય ઓછું થવું એક સ્વાભાવિક બાબત હતી. મૂલ્ય ઘટવાની સાથોસાથ આવક પણ ઘટે જ. ભૌતિક જીવનના સાધનોમાં ખર્ચ વધે છે, દાન-દક્ષિણા ઉપર આધારિત રહેવામાં આવે અને પોતાનું મૂલ્ય ઘટાડવામાં આવે તો ખર્ચને પૂરું કરવામાં તૂટ પડે જ. આ તૂટની પૂર્તિ કેવી રીતે થાય. સિવાય કે અયોગ્ય ઢંગની આવક વધારવાના બીજા ઉપાય પણ કરવામાં આવે ?

પહેલાંના સમયમાં ભાગ્યવાદ, ભવિષ્યવાણી, ગૃહવાદ, દેવપૂજનથી અમુક પ્રકારની સિદ્ધિઓ, નાના કર્મકાંડથી ભરપૂર ભૌતિક લાભોની આશા, ભૂત-પ્રેત, પ્રેત બાધા દૂર કરવી, ટોણા-મહેણાની મહત્ત્વ વગરની આવી ભ્રમણાઓ ફેલાઈ ગઈ જેમાં સન્માન અને શોભાવિહિન તરકીબો શોધીને આવક વધારવા માટે તાલમેલ બેસાડતા. આથી બ્રાહ્મણની થોડી-ઘણી આવક વધી પણ હોય પણ તેમનું સ્તર વધારેને વધારે નીચું ગયું. વિચારશીલ લોકોથી પરિસ્થિતિ છુપાતી નથી, તે વાસ્તવિક્તાને જાણી લે છે. અજ્ઞાની લોકો ભલે બબડતા રહે પણ વિચારશીલ સત્યને સમજવમાં વાર લગાડતા નથી. તેઓ આ પ્રકારના વ્યવહારથી દુઃખી જ થાય છે.

બ્રાહ્મણના પતનની આ દુઃખ ભરી કથા છે. આજે વંશ પરંપરાની દૃષ્ટિથી બ્રાહ્મણોની સંખ્યા કરોડોમાં છે. વસતીની દૃષ્ટિએ બીજી જાતિઓની સરખામણીમાં તેઓ જ સૌથી વધારે છે પણ કર્મથી જે બ્રાહ્મણ હોય એવા લોકોની સંખ્યા લાખો શું, હજારો શું, સેંકડોથી પણ ઓછી હશે. ખેડૂત બ્રાહ્મણ, કંદોઈ બ્રાહ્મણ, નોકર બ્રાહ્મણ, નાયી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રાહ્મણ, દરજી બ્રાહ્મણ, કાપડિયો બ્રાહ્મણ, વેપારી બ્રાહ્મણ વગેરે અસંખ્ય વર્ગ અને શ્રેણીના બ્રાહ્મણ છે પણ બ્રાહ્મ કર્મપરાયણ બ્રાહ્મણોની સંખ્યા ઝડપથી ઘટવા લાગી છે અને ભય તો ત્યાં સુધી ઊભો થયો છે કે ક્યાંય આ પરમ્પરા જ નાશ ન થઈ જાય. જો આ પૂણ્ય પરંપરા જ નષ્ટ થઈ ગઈ તો ભારતીય ધર્મ તેમજ સંસ્કૃતિનો જ નહીં સમગ્ર મનુષ્ય જાતિનું બહું જ મોટું દુર્ભાગ્ય હશે.

## આ બ્રહ્મ પરંપરાનો નાશ ન થઈ જાય

બ્રહ્મ પરંપરાનો નાશ થવા દેવો જોઈએ નહીં. સમાજરૂપી શરીરનું માથું જ અસ્ત-વ્યસ્ત થઈ જાય તો બાકીના અંગોનું શું થશે ? ધાર્મિક નેતૃત્વ જ નષ્ટ થઈ જાય તો ધાર્મિકતા ક્યાં વધશે ? આથી નવનિર્માણના આ પૂણ્ય સમયમાં એ પ્રયાસ થવો જ જોઈએ કે લોક-માનસમાં આસ્તિકતા તેમજ ધાર્મિકતાનો પ્રકાશ ઉત્પન્ન કરી શકવાવાળા શ્રેષ્ઠ વ્યક્તિત્વનું અસ્તિત્વ ટકી રહે. સદ્‌ચરિત્રતા ભાષણોથી નહીં પણ અનુકરણવાળો આદર્શ સામે ઊભો કરવાથી શીખવાડી શકાય છે. પ્રાચીનકાળમાં ઋષિ પોતાનો પ્રભાવ જીભથી નહીં પણ પોતાના ઉજ્જવળ ચરિત્રથી પાડતા હતા. રાજનીતિમાં ચતુરતા અને યોગ્યતાને આધારે નેતૃત્વ કરવામાં આવે છે પણ ધાર્મિક નેતૃત્વ તો ચારિત્ર્યવાનના હાથમાં જ રહેશે. જેમાં થોડી પણ તૂટ રહેશે તો વાણીનો કોઈ વિશેષ પ્રભાવ નહીં પડે. મોર જેવું બોલવાવાળા વક્તાઓના ચરિત્રગત દોષ હવે જનતાની સામે આવે છે તો તે બધાની દૃષ્ટિમાંથી ઉતરી જાય છે અને બ્રહ્મ-પરંપરાને સ્થિર રાખવા માટે જે આગળ આવે તેને સૌ પ્રથમ પોતાનું વ્યક્તિત્વ એટલું ઉજ્જવળ તેમજ વિકસિત રાખવું પડશે જેથી વગર કહ્યે પણ બીજાઓને ઉત્સાહવર્ધક પ્રેરણા મળતી રહે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# બ્રાહ્મણત્વ, દર્શન અને કર્તવ્ય

વ્યક્તિત્વ તેમજ જીવન નિર્માણની સાધના, આદર્શવાદને અંતઃકરણથી પરિપક્વ કરવાવાળી ઉપાસનાની સાથોસાથ બ્રાહ્મણનું ત્રીજું કર્તવ્ય નિરંતર સમાજસેવાનું છે. આમાં તેનું તન, મન, ધન બધું જ સમર્પિત રહેવું જોઈએ. મગજ તેની જ વાત વિચારે અને શરીર પણ તે જ ક્રિયા કરે તો સમજવું જોઈએ કે બ્રાહ્મણ જીવન સાર્થક થયું. તેમાં ના તો આળસને સ્થાન મળે છે અને ના તો પ્રમાદને. વિશ્વમાનવને વિરાટ બ્રહ્મની પ્રત્યક્ષ પ્રતિમા માનીને તેનો અભિષેક જ્ઞાનરૂપી અમૃતથી કરતા રહેવું તે જ ભગવાનનું સર્વશ્રેષ્ઠ ભજન અને આત્મ કલ્યાણનું સૌથી ઉત્તમ સાધન છે. બ્રહ્મ-ધર્મનો આત્મા આ જ છે. આ પ્રયોજનને પૂર્ણ કરવા માટે દેવતા બ્રાહ્મણનું શરીર ધારણ કરી આ ધરતી ઉપર અવતાર લે છે. ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ આ અવતારનો ઉદ્દેશ્ય છે. બ્રાહ્મણનો દેવ અવતાર પણ આ માટે જ છે. તે જ્ઞાનરૂપી તલવાર લઈ મેદાનમાં ઉતરે છે અને અન્યાય તેમ જ અજ્ઞાનના શાસનનો નાશ કરતા જાય છે. પરશુરામજીએ આ પૃથ્વી પર આવો જ અજ્ઞાન રૂપી અંધકાર પોતાના કુહાડાથી ૨૧ વખત મિટાવ્યો હતો. અજ્ઞાનીને નહીં અજ્ઞાનને મારવા માટે બ્રાહ્મણનો કુહાડો શૂરવીર યોદ્ધાની માફક હંમેશાં ચાલતો જ રહે છે.

દેવતાઓના આશીર્વાદ-વરદાનથી આપણું કલ્યાણ થાય છે એટલે તેમની આરાધના કરી આપણે તેમની કૃપા મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. ભૂ-સુરોની, બ્રાહ્મણોની કૃપાથી પણ અસંખ્ય માણસોનાં અસંખ્ય હિતો સધાય છે, એટલા માટે તેમની આગળ આપણે માથું ઝૂકાવીએ છીએ અને તેમના આશીર્વચન સમય સમય પર મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. આત્મા-પરમાત્માનો એક ભાગ છે. મેલ, પડદો,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિક્ષેપ-અડચણો-દુષણોનો કચરો ભેગો થઈ જવાથી જ તેનું શુદ્ધ સ્વરૂપ ઢંકાઈ જાય છે, મેલું થઈ જાય છે. આ પડદાને હટાવી દેવામાં આવે તો આત્મામાં પરમાત્માની છબી દેખાય છે. તેમાં બધા જ ઈશ્વરીય ગુણ પ્રગટ થાય છે અને ઘણી વખત તો ઈશ્વરીય સામર્થ્ય પણ મોટા પ્રમાણમાં તેની અંદર સમાયેલા રહે છે. જેવી રીતે પરમાત્માની નિકટતા તેમ જ કૃપા મેળવી માનવી શ્રેય અને સદ્ પરિણામ મેળવે છે તેવી જ રીતે ઉચિત આત્માવાળા બ્રાહ્મણોનો સંપર્ક પણ તેના કલ્યાણનું નિમિત્ત બને છે. જ્યારે ધનિક, ગુણવાન, વિદ્વાન, સત્તાધારી મોટા માણસોની નિકટતા તેમજ કૃપા મેળવી લીધા પછી સાધારણ મનુષ્ય કેટલાય પ્રકારના લાભ મેળવી લીધા પછી સાધારણ મનુષ્ય કેટલાય પ્રકારના લાભ મેળવી લે છે તો આધ્યાત્મિક વિશેષતાઓથી સુસજ્જ સંત-સજ્જનોની કૃપાનો લાભ આપણને કેમ નહીં મળે ? કલ્પવૃક્ષ પોતાની નીચે બેસવાવાળાઓને કલ્પવૃક્ષ તો ન બનાવી શકે પણ ફક્ત તેમની થોડી ઈચ્છાઓ પૂરી કરી શકે છે, પારસમણિ લોખંડને સોનું બનાવી શકે છે પારસમણિ ન બનાવી શકે, અમૃત પીને વ્યક્તિ અમર બની શકે છે પોતે અમૃત બની શકતો નથી પરંતુ સાધુ બ્રાહ્મણમાં એ વિશેષતા છે કે તેમની કૃપાને પાત્ર પોતાની નજદીક આવવાવાળા વ્યક્તિને પોતાના જેવો જ બનાવી દે છે. નારદના સંપર્કમાં આવવાથી વાલ્મીકિની ડાકૂમાંથી ઋષિ બનવાની કથા પ્રચલિત છે. ધ્રુવ જેવો અજ્ઞાન બાળક વિશ્વ બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ, અજર-અમર ધ્રુવ તારો નારદજીની કૃપાથી જ બન્યો. ભગવાન બુદ્ધના સંપર્કથી અંગુલિમાલ ડાકૂ અને આમ્રપાલી વેશ્યા જેવા પતિતોએ ઉચિત જીવન મેળવ્યું હતું. સમર્થ ગુરુ રામદાસે એક સાધારણ મરાઠા બાળકને છત્રપતિ શિવાજી બનાવીને ઊભો કરી દીધો હતો. વિશ્વામિત્ર દ્વારા પરીક્ષામાં તપાવેલો હરિશ્ચંદ્ર એક સાધારણ રાજા નહીં, ઈતિહાસનો સૂર્ય સત્યવાદી હરિશ્ચંદ્ર બની ગયો. નહીંતર બિચારાનું નામ પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજે સાંભળવા ન મળત. ગાંધીજીના સંપર્કમાં આવવાવાળા કેટલાય જવાહરલાલોને યશસ્વી થવાનો મોકો મળ્યો નહીંતર તેમને પાડોશી પણ જાણતા નહોત. સાધુ બ્રાહ્મણની કૃપાનું આવું જ ફળ હોય છે. ચંદનની સુગંધ પણ શીતળ હોય છે. હિમાલયમાં જઈને ગરમીના રોગથી પિડિત રોગી પણ શીતળતા પૂર્ણ શાંતિનો અનુભવ કરે છે. સંત મહાન હોય છે. તેમની નિકટતા તેમ જ કૃપાનું ફળ પણ મહાન જ હોવું જોઈએ.

## પ્રાયશ્ચિતનું સાહસ ના કરો

હવેના સમયમાં બ્રાહ્મણત્વનું સ્તર નીચું ઉતર્યું છે, તેની જવાબદારી આપણે સ્વીકારવી જોઈએ અને તેનું પ્રાયશ્ચિત કરવા માટે તૈયાર થવું જોઈએ. હિંદુ ધર્મમાં ભારતીય દર્શનની મુખ્ય માન્યતાઓની બિલકુલ વિરુદ્ધ આજે અસંખ્ય અંધવિશ્વાસ, મુઢતાઓ, રુઢિઓ, કુરિવાજો તેમજ ભ્રમ ધારણાઓ ફેલાયેલી છે, તે હવે ધર્મનું એક અંગ બનતી જાય છે. કેટલીક વ્યક્તિઓ તો આ રુઢિઓને જ ધર્મનું એક માત્ર સાધન સમજે છે. જે કોઈના હાથનું અડકેલું ભોજન ખાય છે તે અધર્મી અને જે કોઈના હાથનું ન અડકેલું ભોજન ખાય છે તે ધર્માત્મા ગણાય છે. વંશ, વેશ, વસ્ત્રો, સાધનો, તિલક, છાપ વગેરેને ધર્મનું સ્વરૂપ માની લેવામાં આવ્યું છે. આ ભ્રમણાથી એ નુકસાન થયું કે લોકોને ધાર્મિકતાનું વાસ્તવિક સ્વરૂપ જ ભૂલાઈ ગયું છે અને કેવળ બાહ્ય કર્મકાંડોમાં ભરાયેલા રહીને એ વિચારવા લાગ્યા કે અમે ધાર્મિકતા તેમજ આસ્તિકતા પૂરી કરી લીધી, તેથી તેના જે સદ્‌પરિણામ મળવા જોઈએ તે બધા જ મળી જશે. સાધારણ કર્મકાંડોથી સ્વર્ગમુક્તિ મળી જશે, આ સંબંધે નિશ્ચિત થઈ જવું એક ભયાનક ભૂલ છે જેને કારણે લોકો પોતાના કઠોર કર્તવ્યોનું પાલન કરવાની ઉપેક્ષા કરવા લાગે છે. ના કોઈને ઉચ્ચ-ચારિત્ર્યવાન બનવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે અને ના કોઈને આદર્શવાદી બનવું છે. જ્યારે સસ્તાં ઉપાયથી કામ ચાલી જાય છે તો કોઈ કષ્ટ સહન કરવા માટે શા માટે તૈયાર થશે ?

આમ તો ભ્રમણાઓ અનેક છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, શારીરિક, માનસિક-દરેક ક્ષેત્રમાં ભ્રમણાઓના વાદળો છવાયેલાં છે. આ જંજાળમાંથી જ્યાં સુધી આપણે આપણા દેશની જનતાને કાઢી શકીએ નહીં ત્યાં સુધી તેમની વાસ્તવિક પ્રગતિ થવી અશક્ય છે. આજે બ્રાહ્મણે જ આ સ્થિતિ સુધારવી પડશે. તેમના પૂર્વજોએ આ જંજાળ બીજાવી હતી. એટલે તેને ઉખેડવાનું તપ પણ હવે તેમણે જ કરવું જોઈએ. વિચાર ભ્રમણાઓ માટે આજના બ્રાહ્મણોને બુદ્ધ, શંકરાચાર્ય, દયાનંદ, ગાંધી, વિવેકાનંદ, રામ મોહન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહર્ષિ કર્વે, ઠક્કર જેવા સુધારકવાદીઓની જેમ આગળ આવવું જોઈએ. સુકરાત, મન્સુર, ઈસુ, ગાંધી વગેરેએ તો બલિદાનો પણ આપી દીધા હતા. અંગ્રેજોનું અનીતિ પૂર્ણ શાસન ઉખેડી ફેંકવાવાળાઓએ હસતાં-હસતાં ગોળીઓ ખાધી હતી. આપણે ઓછામાં ઓછી ગોળીઓ ખાવી પડશે. આથી ઓછું કોઈ આવડા મોટા પાપનુ પ્રાયશ્ચિત કર્યું હોઈ પણ શકે. ભારતીય લોક માનસની ભાવના, માન્યતા, વિચારણા તેમજ શ્રદ્ધાની દૃષ્ટિથી આપણે પવિત્ર, પરિષ્કૃત તેમજ શુદ્ધ બનવું જ પડશે. આ કામ પ્રાયશ્ચિત સ્વરૂપે વધારેમાં વધારે શ્રદ્ધા, વધારેમાં વધારે તત્પરતાથી કરવું જોઈએ ત્યારે એ શક્ય થશે કે ધાર્મિકતાની જરૂરીયાત લોકો સમજે અને તે તરફ જે અશ્રદ્ધા અને નફરતનો ભાવ રખાયો છે તેને બદલી નાંખે. હિન્દુ ધર્મની ધાર્મિકતા તેમ જ શ્રદ્ધાને ટુકડે ટુકડામાં નષ્ટ થવાથી બચાવવી જ જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પરિવર્તનની જરૂરીયાત

હવે પરિવર્તનનો સમય આવી ગયો. બ્રાહ્મણ જાતિમાં કરોડો લોકો ભલે હોય પણ તેમણે એટલી શરૂઆત તો તરત જ કરી દેવી જોઈએ કે બ્રહ્મભોજનનું નિમંત્રણ સ્વીકરવાનું તેમજ દક્ષિણા લેવાનું બંધ કરી દે. જે બ્રહ્મ-કર્મમાં લાગ્યા નથી તેઓને આનો કોઈ પ્રકારે અધિકાર નથી. ખેડૂત બ્રાહ્મણ, વ્યવસાયી બ્રાહ્મણ પોતાને તે વર્ગના જ માને, તેઓ બ્રાહ્મણત્વનો અહંકાર ન કરે અને પ્રતિફળ ચૂકવવાની યોગ્યતા ન હોય તો બ્રહ્મભોજનનો સ્વીકાર ન કરે. જો તેઓ આટલું કરી શકે તો પણ માનવું જોઈએ કે તેણે એવા અનિચ્છનીય કામોથી છુટકારો મેળવ્યો જે તેના માટે બધી રીતે અયોગ્ય જ હતા.

બ્રાહ્મણ લોહીની પ્રતિષ્ઠા એટલી નીચી જવા દેવાની નથી કે જેથી એ કહી શકાય કે હવે બ્રહ્મ પરંપરાનો નાશ થઈ ગયો. નવા લોહીના લોકોએ તેની મુશ્કેલપૂર્ણ જવાબદારી ઉપાડવા માટે સાહસપૂર્વક આગળ આવવું જોઈએ. પોતાની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓને કચડીને, અપરિગ્રહનું જીવન વ્રત લઈ, લોક-જાગરણ માટે, લોક માનસને શ્રેષ્ઠ બનાવવા માટે, ધાર્મિક નેતૃત્વની જવાબદારી પોતાના ખભે ઉઠાવવા માટે તૈયાર થવું જોઈએ. વિચારક્રાંતિના અગ્રદૂત બનીને નવનિર્માણ અભિયાનમાં તેમણે પોતાનો ઉત્સાહવર્ધક સહકાર આપવો જોઈએ.

જેના ત્યાં પુરોહિતના કામો થાય છે, તેમણે પોતાના કર્મકાંડોની સાથોસાથ આજની નૈતિક તેમજ સામાજીક સમસ્યાઓને ઉકેલવાના શિક્ષણનો સમાવેશ કરી દેવો જોઈએ. આજે પંડિતો અમુક ધર્માનુષ્ઠાનોમાં ફક્ત પૂજા-ઉપચારની વિધિ કરાવી દઈને પોતાના કર્તવ્યની પૂર્ણતા માનતા થયા છે. તેઓ એ ભૂલી જાય છે કે કોઈ પણ ધર્મઅનુષ્ઠાનનું, કર્મકાંડનું મહત્ત્વ ત્યારે છે જ્યારે તેની સાથે જોડાયેલ પ્રેરણા તેમજ શિક્ષણ પણ યજમાનોને સમજાવવામાં આવે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો ફક્ત મંત્રોનું ઉચ્ચારણ તેમજ કર્મકાંડો જ પૂરા કર્યા છે તો માનવાનું કે મૂળ પ્રયોજન પૂરું ન થવાને કારણે તે વિધિ અધૂરી રહી ગઈ. હિંદુ સમાજમાં અનેક ધર્મ-કૃત્યો પ્રચલિત છે, તેની સાથે જો નૈતિક તેમ જ સામાજિક શિક્ષણની પ્રક્રિયા પણ જોડી દેવામાં આવે તો તેનું પરિણામ બધી રીતે ઉત્તમ જ હશે અને કર્મકાંડનો ઉદ્દેશ્ય પણ પૂરો થશે.

ગર્ભકાળથી લઈને મૃત્યુ પર્યંત પુંસવન, નામકરણ, વિદ્યારંભ અન્નપ્રાશન મુણ્ડન, યજ્ઞોપવિત, વિવાહ, વાનપ્રસ્થ વગેરે સોળ સંસ્કાર થાય છે. દરેક ઘરમાં કેટલાય માણસો રહે છે. દરેકના સોળ સંસ્કાર થાય છે. પછી આમાંના દરેકનો જન્મ-દિવસ ઉત્સવ અને વિવાહ-દિવસ ઉત્સવ પણ મનાવવામાં આવે તો વર્ષમાં દસ વખત એવો મોકો આવી જ જાય કે દરેક ગૃહસ્થને તેમનાં જરૂરી કર્તવ્યોનું ધ્યાન અપાવી શકાય. જે ઘરમાં જે વિકૃતિઓ પેસી ગઈ હોય, તેના સમાધાનના ઉપાય પણ આ અવસરે જે તે કર્મકાંડની વ્યાખ્યામાં સમજાવી શકાય છે. હોળી, રક્ષાબંધન, વિજયાદશમી, દિવાળી, વસંત પંચમી, શિવરાત્રિ વગેરે અનેક તહેવારો પણ આવે છે. આ તહેવારોને પ્રાચીનકાળની માફક સામૂહિક ધર્મ અનુષ્ઠાન સ્વરૂપે મનાવવાની વ્યવસ્થા કરવી જોઈએ અને તેમાં જે સામેલ થાય તેમને પર્વોની સાથોસાથ જોડાયેલી સમાજનિર્માણની પ્રેરણાઓ સમજાવવી જોઈએ. આ નાના-નાના આયોજનોથી, સંસ્કારો અને તહેવારો દ્વારા વિચાર સભાઓનો હેતુ પૂરો થાય છે. ભેગા થયેલ લોકોને ઘણું સાંભળવાનો અને સમજવાનો મોકો મળે છે. ધાર્મિક વાતાવરણમાં આવા પ્રકારનું શિક્ષણ આપવાથી તેની અસર ઘણી જ વધારે પડે છે. આ ધર્મ કાર્યોને લોક શિક્ષણનું અત્યંત મહત્ત્વપૂર્ણ માધ્યમ બનાવી શકાય છે. અધ્યાપકો (પુરોહિતો)જો આ અવસરોનો બરાબર ઉપયોગ કરે તો લોકમાનસની દિશા બદલવી વધારે મુશ્કેલ રહેશે નહીં.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## બ્રાહ્મણ જ નહીં સાધુ પણ

બ્રાહ્મણત્વની જેમ ભારત દેશમાં સાધુતા પણ વિશ્વ વિખ્યાત છે. અહીં હંમેશા સાધુ સંતોનું ગૃહસ્થો સ્વરૂપે અને સન્યાસી સ્વરૂપે પણ વિશેષ મહત્ત્વ રહ્યું છે. સાધુ-સજ્જનને કહે છે. જેમાં નિષ્કલંક સજ્જનતા છે તેને સાધુ જ કહેવામાં આવે છે. આ સજ્જનતાનું સર્વોચ્ચ સ્તર એ છે કે પોતાનો સમય, શ્રમ, જ્ઞાન તેમજ મનોભાવ પોતાના વ્યક્તિગત તેમજ કૌટુંબિક આયોજન સુધી મર્યાદિત ન રાખીને સમગ્ર વિશ્વ માટે સમર્પિત કરી દે છે. પોતાના વ્યક્તિત્વને સાર્વજનિક સંપત્તિ સમજે અને તેનો ઉપયોગ એવી રીતે કરે કે તેનો લાભ પોતાના શરીર તેમજ પરિવારને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને મળે. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ઉદારતા તેમ જ મહાનતા જે કોઈના અંતઃકરણમાં પેદા થઈ રહી હશે તે પોતાની આંતરિક મહાનતાને કારણે આ ધરતીનો દેવતા માનવામાં આવશે, તેને સાધુ-મહાત્મા કહીને પૂજવામાં આવશે.

## જ્ઞાનના પ્રકાશનો સૂર્યોદય

સાધુ ભગવા કપડાં પહેરે છે. આ રંગ સવારની ઉષાનો છે. સૂર્યના ઉદય વખતે બધે જ લાલિમા છવાયેલી રહે છે, આ ભગવો રંગ છે. બ્રહ્મમુહૂર્ત પહેલાં ઉદય થવાવાળી લાલિમા સંસારમાં નવજીવનનો સંચાર કરવા, નવી સ્ફૂર્તિ ભરવા, જાગરણનો સંદેશો આપવા તેમ જ પ્રકાશ ઉત્પન્ન કરવા આવે છે. સાધુનો જીવન ઉદ્દેશ્ય પણ આ જ હોય છે. પોતાનો ઉદ્દેશ્ય તેમ જ કાર્યક્રમની જાણકારી લોકોને કરાવવા માટે તેઓ આ વસ્ત્રો પહેરે છે. જે રીતે ફોજ અથવા પોલિસની વર્દી પહેરેલ વ્યક્તિને દરેક માણસ સહેલાઈથી ઓળખી લે છે અને જો તેને કોઈ કામ હોય તો તેની સૂચના તેને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપી દે છે. મોટા રેલવે સ્ટેશનો ઉપર મુસાફરોની સેવા-સહાયતા તેમ જ માર્ગદર્શન માટે થોડા કર્મચારી નિયુક્ત કરેલા હોય છે. તેમના ખભા ઉપર એક પટ્ટો લગાવેલ હોય છે જેમાં તેમનો પરિચય લખેલો હોય છે. આ એટલા માટે કે જે મુસાફરોને તેમની જરૂરત હોય તેઓ તેમને ઓળખીને જરૂરીયાત કહી શકે. બસ, આ જ રીતનું પરિચય ચિહ્ન આ ભગવા રંગનું છે. આને જે વ્યક્તિ પહેરે છે, સમજવું જોઈએ કે તે ત્યાગી, પરમાર્થી વ્યક્તિ છે. તે પોતાના કુટુંબ સુધી મર્યાદિત રહ્યો નથી. હવે તેણે સમગ્ર વિશ્વને પોતાનું કુટુંબ માની લીધું છે અને જે રીતે સાધારણ વ્યક્તિ પોતાના કુટુંબની સંભાળ તેમ જ સેવા કરે છે તેવી રીતે તેણે દરેકની પ્રેમ તેમ જ તત્પરતાપૂર્વક સેવા કરવાનું વ્રત લઈ લીધું છે. ભગવા વસ્ત્રો આ જાહેરાત માટે છે.

જેવી રીતે સૂર્યોદય સંસારનો અંધકાર દૂર કરવા માટે હોય છે તેવી રીતે સૂર્યોદય જેવા ભગવા વસ્ત્રો પહેરીને સાધુ પોતાના માટે એક સ્મૃતિ ચિહ્ન બનાવી લે છે કે તેના ભાવી કાર્યક્રમોની રૂપરેખા તેમ જ આધાર શો છે ? તેને સવારના સૂર્યની માફક શીતળ મનભાવન રહેવાનું હોય છે. બપોરના તેજસ્વી સૂર્યની માફક પ્રખર બનવાનું નથી, જેની ગરમી સહેવી બીજા માટે કષ્ટપૂર્ણ હોય. સવારનો સૂર્ય પ્રકાશ તો આપે જ છે પણ લાલિમા મિશ્રિત પીળો રંગ હોવાને કારણે તેને ખુલ્લી આંખો દ્વારા સહેલાઈથી જોઈ શકાય છે. તેનાથી કોઈને કષ્ટ નથી પડતું. પરંતુ બધાને પ્રસન્નતા થાય છે. બપોરના તાપથી લોકો બચે છે, છાંયડાનો આશ્રય શોધે છે અને સુવાની તેમ જ વિશ્રામ કરવાની ઈચ્છા કરે છે, પણ સવારના સૂર્યના ઉદયની સાથે જ બધાં તેનું દર્શન કરે છે અને કામ કરવાની પ્રેરણા મેળવે છે. સાધુ પોતાનું જીવન તેવું જ બનાવે છે. તેનું કામ અજ્ઞાન-અંધકાર ને દૂર કરવું, જ્ઞાનના પ્રકાશને ફેલાવવાનું છે. આ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સેવા મનુષ્ય જાતિની સૌથી મોટી સેવા છે, આને ગમે તે કોઈ નથી કરી શકતો, જેણે પોતાનું ચારિત્ર્ય, અંતઃકરણ તેમ જ મગજનો ઉચિત વિકાસ કર્યો હશે તેના માટે સંભવ છે કે અજ્ઞાન-અંધકારના ભયંકર નર્કમાં ડૂબતા અસહ્ય અસંખ્ય કષ્ટો સહેવાવાળા મનુષ્યોને પોતાની જ્ઞાન-રૂપી નૌકા ઉપર સવારી કરાવી પાર ઉતારી શકે. આ સાહસ અને અધિકાર દરેકને ક્યાંથી ? એટલા માટે પોતાના વ્યક્તિત્વને સુધારવું પડે છે. આ હિંમત સાધુની જ છે કે તે પોતાની વ્યક્તિગત બધી જ મહત્ત્વાકાંક્ષઓને પૂરી કરી સંસારમાં જ્ઞાન પ્રકાશ ફેલાવવાની મહાન સેવા માટે પોતાને સમર્પિત કરે. જેણે આટલુ મહાન પરમાર્થ વ્રત લીધું છે તેને જીવંત-શહીદ જ કહેવો જોઈએ. તેના દર્શનથી જ મનુષ્ય ધન્ય થાય છે. જે આટલી જરૂરી તેમ જ મહત્ત્વપૂર્ણ સેવા માટે પોતાની જાતને આત્મદાનીની માફક સમાજ સામે રાખી દે છે તેના માટે મહાત્મા, સંત, મહાપુરુષ જેવા શબ્દો વાપરીએ તો પણ ઓછા છે.

## પહેરવેશ, રહેણીકરણીનો પ્રયોગ

સાધુ અપરિગ્રહી હોય છે, તેઓ ઓછામાં ઓછા ખર્ચામાં પોતાનું ગુજરાન ચલાવે છે, અને ઓછામાં ઓછા સાધન-સામાન પોતાની પાસે રાખે છે. વાસણના નામે દૂધીનું ખોખલું બનાવીને કમંડળ લઈ લીધું જેમાં કશો જ ખર્ચ નથી થતો, લાકડી, કાપી-છોલીને પાવડીયું બનાવી લીધું. વસ્ત્રો સિવાય પણ ચલાવી શકાય, શરીરને ગરમી-શરદી સહેવી ન પડે તે માટે ચામડી ઉપર ભસ્મ ચોળી દીધી. વધારે ઠંડી પડવા લાગી અને જંગલોમાં હિંસક પશુઓનાં આક્રમણનો ભય ઊભો થયો તો ધૂણી સળગાવી. ધૂણી સળગાવવાની જરૂર ઊભી એટલા માટે થઈ કે જંગલોમાં મોટા-મોટા વૃક્ષો ઉખડીને ગમે ત્યારે પડતા હતા, પથ્થરોમાં મૂળ ઉંડા જતા ન હતા. બીજી શિલાઓ આમ તેમ ખસતી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહેતી તેથી વૃક્ષો પોતાનું સમતોલન ગુમાવી બેસતા અને એકબાજુ નમીને પડી જતા. તેમના પડવાથી આવવા જવાનો રસ્તો બંધ થઈ જતો. મનુષ્ય તેમ જ પશુ બંનેને આવી મુશ્કેલીનો તેમ જ દુઃખનો સામનો કરવો પડતો. આવી સ્થિતિમાં આ પણ તે પ્રદેશ માટે સેવા-કાર્ય જ છે કે તે પડી ગયેલા વૃક્ષોને હટાવીને સળગાવી દેવામાં આવે. સળગાવવા ઉપરાંત ત્યાં તેનો બીજો કોઈ ઉપયોગ પણ થઈ શકતો ન હતો. આનાથી તપસ્વીઓને પોતાની ઠંડીનું નિવારણ, હિંસક પશુઓથી રક્ષણ, ભોજનની સુવિધા તથા જંગલ સાફ કરી નાંખવાની સેવાનું પ્રયોજન પૂરું કરવાનો મોકો મળી જાય છે. એ માટે ધૂણી સળગાવવી પણ જરૂરી છે.

જંગલોમાં મકાન બનાવવાનું કામ મુશ્કેલીભર્યું છે, એટલા માટે ઘાસની ઝુંપડી બનાવવી અથવા જમીન ખોદીને ગુફા બનાવી લેવી સુવિધાજનક હોય છે. આવા નિર્માણ કોઈ વનવાસી પોતાના શ્રમ વગર બીજાની સહાયતા લઈને પણ કરી શકે છે. એટલા માટે નિવાસ માટે તેવા જ નિર્માણ ઉપયોગી સમજવામાં આવ્યા. જંગલોમાં આપમેળે મરેલા હરણ, સિંહ, વાઘ વગેરેના શરીર પડ્યા હોય છે, તો તે પ્રદેશમાં નિવાસ કરવાવાળા તેમની ચામડી ઉતારી લે છે અને તેનાથી પોતાના ઓઢવાની, પાથરવાની, પહેરવાની જરૂરિયાતો પૂરી કરે છે. આ બધી વાતો વનવાસી જીવનને યોગ્ય સાધારણ રહેઠાણ સંબંધી વ્યવસ્થાઓ છે. આમાં સાધુતાનો કોઈ સીધો સંબંધ નથી. જો જંગલમાં ન રહીને વસતીમા રહેવું હોય તો આથી કોઈ પણ વસ્તુની જરૂરિયાત ઊભી થતી નથી, પરંતુ સાચું તો એ છે કે આ સાધનો તેવી રીતે બિનઉપયોગી થઈ જાય છે જેમ કે, ગરમીની ઋતુમાં ઉપયોગમાં લેવાતાં ભારે તથા કસાયેલા વસ્ત્રો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આંધળા અનુકરણથી શો લાભ ?

આજે સાધુ જીવનનું લક્ષ્ય તેમ જ કાર્યક્રમ ભૂલાવી દેવાયા છે અને તે વેશ-ભૂષાને ધારણ કરવી, સાધુ હોવાનું પ્રમાણ માની લીધું છે, તે વન્ય જીવનને ઉપયુક્ત તો છે પણ નગરમાં રહેવાથી સમૂળગું અનુપયોગી છે. નારિયેળના બનેલા જે કમંડળ લઈને આજે જે બાબાઓ ફરે છે તે ત્રીસ-ત્રીસ રૂપિયાની કિંમતે આવે છે. જ્યારે પીત્તળની ડોલ દસ-પંદર રૂપિયામાં ખરીદ કરી શકાય છે તેને નારિયેળની જેમ થોડી જ અથડાવવાથી તૂટવાનો પણ ભય નથી. પછી અંદરની સફાઈ પણ સહેલાઈથી થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં નારિયેળના ત્રીસ રૂપિયાવાળા કમંડળ લઈને સાધુની જેમ ઓછા ખર્ચાળ કેવી રીતે થયા ? આ તો ખર્ચ ઘણો જ વધી ગયો.

ધૂણી સળગાવવાની વાત વન પ્રદેશોમાં બરાબર હતી. અખંડ અગ્નિ રાખી હોય તો યજ્ઞકુંડમાં વિધિવત્ રખાવી જોઈએ અને તેમાં દરરોજ શાસ્ત્રોક્ત યજ્ઞ થવા જોઈએ. બંનેમાંથી એક પણ પ્રયોજન નથી છતાં ત્રીસ-ચાલીસ રૂપિયે મણનાં બે-ત્રણ મણ લાકડાં દરરોજ સળગાવાય અને દસ-બાર રૂપિયાનો બીજો દરરોજનો ખર્ચો વધી જાય તો તેનો શો ઉપયોગ રહ્યો ? લાકડાંની આજે ઘણી જ તંગી છે. તેટલા લાકડામાં લોકોના જરૂરી કામો પૂરા થાય, તે વગર પ્રયોજનથી સળગાવી દેવામાં આવે તો તેમાં સાધુતાનું કયું પ્રયોજન પૂરું થઈ ગયું ?

જંગલમાં મરેલા જાનવરોના ચામડાંનો ઉપયોગ તો સમજી શકાય છે પણ આજે હજારની પાછળ ૯૯૯ ચામડાં જીવતા પશુઓની હત્યા કરીને ખાસ કરીને ચામડાંની લાલચમાં મેળવવામાં આવે છે. તે ચામડાનો ઉપયોગ એક રીતે તો માંસાહાર જેવો જ થઈ ગયો. તેને બગલમાં દબાવીને ફરવું, ગંદકી અને દુર્ગંધ સાથે લપટાઈ રહેવું કઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બુદ્ધિશાળીની વાત છે ? કપડાં, કુશ, ઉન વગેરેના, આસન એક કરતાં ચઢિયાતા સુંદર, સુવિધાજનક તેમજ સસ્તા મળી શકે છે પછી બીચારા હરણના જીવના, ચામડાના ગ્રાહક બનવામાં કયો અધ્યાત્મ રહ્યો ? જ્યારે કપડા મળવા હવે એટલા મુશ્કેલ તો નથી તો ભસ્મ ચોળવાની ઉપયોગીતા નથી રહી. જ્યારે જંગલમાં રહીને કંદ-મૂળ-ફળ ખાવાવાળા ખોરાક મેળવવાવાળી વાતની પરંપરા નિભાવી ન શકાય, અન્ન ખાવા, મકાનમાં રહેવા જેવી સુવિધાઓ સ્વીકારી શકાય છે તો પછી ભસ્મ ચોળવાની જગ્યાએ કપડાં પહેરવામાં શો વાંધો ? જે કપડાં પહેરે છે તેમને ભસ્મ ચોળવાની શી જરૂરત ? જ્યારે ધૂણી નથી સળગતી તો આગ સંભાળવાવાળા કડા અથવા ચીપિયા લઈને ફરવાની જરૂર શા માટે ?

## સાધુતાનો વેશ

સજાવટ સાથે થોડો પણ સંબંધ નથી. જંગલમાં જે બાબતોની જરૂરિયાત છે, તે ત્યાં ઉપયોગમાં લાવવામાં આવે જેની ગ્રામ્ય નગર જીવનમાં જરૂર છે, તે ત્યાં કામમાં લાવી શકાય છે. વનવાસમાં હજામત કેવી ? કોણ બનાવે ? ત્યાં જટા-ચોટી રાખવી જ પડશે. પરંતુ નગરમાં રહેવાવાળા જો વાળની તેટલી સફાઈ ન રાખી શકે તો વાળને કપાવી-મુંડન તો કરાવી શકે છે. હવે જો નિવાસ માટે હવાયુક્ત અને સુવિધાજનક જગ્યા મળી યા બની શકે છે તો ગુફા ખોદવાની અને તેમાં બંધ હવાને કારણે થવાવાળી અસુવિધા સહેવાનું પ્રયોજન શું ?

## ગુણોનુ અનુકરણ

ગુણોની જગ્યાએ ક્લેવરને મહત્ત્વ આપવું, મનુષ્યના અંધ વિશ્વાસનું ચિહ્ન છે. પ્રાચીનકાળના ઋષિ-મહાત્મા અમુક પ્રકારના વસ્ત્રો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહેરતા હતા, અમુક રીતે નહાતા હતા, અમુક સાધનો વાપરતા હતા તો આપણે પણ તે પ્રકારના આવરણ પહેરીએ તો તેવા જ તે સાધુ બની શકીએ છીએ એ વિચારવું અને માનવું હાસ્યાસ્પદ છે. શરીર નિર્વાહ કરવાની બાહ્ય પદ્ધતિ એટલી મહત્ત્વપૂર્ણ નથી કે ફક્ત તેને બદલવાથી કોઈ વ્યક્તિ સાધુતા તેમ જ શ્રેષ્ઠતા મેળવી શકે. જો આવું જ હોત તો નાટક, વેશ-ભૂષા, તેમ જ ફિલ્મોમાં કામ કરવાવાળા અભિનેતા સાધુઓનો વેશ પહેરીને આવે છે તેઓ સંત કેમ નથી થઈ શકતા ? તેવાને તેવા જ નટ-વિદુષક કેમ બનેલા રહે છે ? વેશ-પરિવર્તનથી જો વ્યક્તિત્વ બદલાઈ જાય તો તેનાથી સસ્તો અને સરળ ઉપાય સાધુતા મેળવવાનો બીજો હતો જ નહીં.

વેશ સાધુ જેવો હોય ન હોય તેનાથી કશું જ બગડતુ નથી. સવાલ ફક્ત એ છે કે સાધુની જવાબદારી તેમ જ કર્તવ્યને નિભાવી રહ્યા છે કે નહીં ? જો નિભાવી રહ્યા છે તો વેષ ભલે ગમે તેવો હોવા છતાં પણ તે સાધુતા અભિનંદનીય મનાશે, તેને મુક્ત કંઠે ખૂબ-ખૂબ વખાણવામાં આવશે. પરંતુ જો કર્તવ્યોની ઉપેક્ષા અને વેશની સજાવટના વખાણ થતા રહ્યા તો તેને નિંદનીય-ઠગ જ કહેવામાં આવશે ? ગધેડો જો સિંહનું ચામડું ઓઢીને સિંહ બનવાનું વિચારે તો તેનો તે પ્રયત્ન અનિચ્છનીય તેમજ અનૈતિક સમજવામાં આવશે. તેની આ બાળરમતને નફરતની નજરે જોવામાં આવશે. દુનિયા ભલે નૈતિક દષ્ટિએ ઉતરતી કક્ષાની બનતી જતી હોય પણ બુદ્ધિ અવશ્ય વધી રહી છે. જેનામાં થોડી પણ બુદ્ધિ હશે તે ગુણ વગરના આડંબરને હાસ્યાસ્પદ જ માનશે. વિદૂષક અનેક પ્રકારના વેશ બનાવી લોકોનું મનોરંજન કરે છે. ક્યારેક રાજા, ક્યારેક રાણી, ક્યારેક વાંદરો, ક્યારેક દેવતાનો વેશ બનાવી લે છે અને પોતાનો આર્થિક સ્વાર્થ પૂરો કરે છે. સાધુનો વેશ બનાવી કોઈ વ્યક્તિ મફતમાં પોષણની વ્યવસ્થા કરી લે છે. તો તેનું કૃત્ય વિશુદ્ધ વિદૂષક જેવું જ કહેવાશે.

❑



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સાધુતાનો સુઅવસર

કૌટુંબિક જવાબદારીઓમાં લાગેલા બ્રાહ્મણો તથા બીજા લોક સેવકો પોતપોતાના મર્યાદિત પ્રદેશમાં જ કામ કરી શકે છે. ઘણે દૂર તેમજ વધારે દિવસો માટે બહાર જવું તેમના માટે શક્ય થતું નથી. આવા લોકસેવક બ્રાહ્મણ દરેક જગ્યાએ હોતા પણ નથી. એટલા માટે પરિવ્રાજક સ્વરૂપે ફરતા સંત-મહાત્માઓએ જોવું પડે છે કે ક્યાંય કોઈ ક્ષેત્ર એવું તો નથી કે જ્યાં વિકૃતિઓનું મહત્ત્વ વધી ગયું હોય. જ્યાં આવા સ્થાન મળે છે તેઓ ત્યાં રોકાઈ જાય છે, વાતાવરણને સુધારે છે અને પછી આગળ જવા તૈયાર થાય છે. આજે તો મોટાભાગના કામ પત્રવ્યવહાર દ્વારા અથવા વર્તમાનપત્ર દ્વારા પણ થઈ જાય છે. પ્રાચીનકાળમાં જ્યારે આવી સુવિધાઓ ન હતી ત્યારે આ સંન્યાસી લોકો એક જગ્યાએથી બીજી જગ્યા સુધી પ્રેરણા-વર્ધક રચનાઓનો પરિચય કરાવતા હતા, સત્‌પુરુષોની વીર કથાઓ સંભળાવતા અને જ્યાં જેવો મોકો મળે ત્યાં તેવું પ્રશિક્ષણ આપતા હતા. નારદ જેવા ઋષિ-મહર્ષિ, મુનિ જનજાગૃતિનો અલખ જગાવતા દેશના ખૂણે-ખૂણામાં ફરતા રહેતા હતા. મંદિરોના જાહેર ભવનો તેમના રહેવા માટે બન્યા હતા. ત્યાં તેમનું ભોજન બનાવવાની વ્યવસ્થા હતી, પછી જ્યાં જવાનું હોય ત્યાં ચાલી નીકળતા, રસ્તામાં જ્યાં જરૂર પડ્યે રોટી માગી લઈને આગળ નીકળી જતા, જે રીતે પોલીસના સિપાઈ રાત્રે સીટી વગાડતા પહેરો આપે છે અને સુતેલા લોકોને ચોરલુંટારાઓથી કોઈ નુકસાન ન થાય તેવો પ્રયત્ન કરે છે. તેવી રીતે સાધુ-મહાત્મા સંન્યાસી બનીને તીર્થ-ધામ યાત્રા ચાલુ જ રાખે છે અને રસ્તામાં જ્યાં ધર્મ વિકૃતિઓ દેખાય તેને સુધારવા માટે ત્યાં રોકાઈ જતા. ધર્મ, સમાજ, સંસ્કૃતિ તેમજ રાષ્ટ્રની સુરક્ષામાં સાવધાન તેમ જ કાર્યરત પહેરેદારનું નામ જ સંન્યાસી છે. સાધુ એક પ્રકારનો બલિદાની છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેણે વ્યક્તિગત તેમજ કૌટુંબિક બધા પ્રકારના લોભ-મોહથી ઉંચે ઉઠીને સંસારમાં ધર્મ અને જ્ઞાનની જ્યોતિ પ્રગટેલી રાખવા માટે પોતાની જાતનું સર્વસ્વ ખપાવતા રહેવાનું વ્રત લીધેલું હોય છે. ભારતની સાધુ પરંપરાનો આદર્શ આ જ છે.

ભારતનો પ્રાચીન ગૌરવમય ઈતિહાસ ખરેખર સાધુ-ઈતિહાસ જ છે. તેમણે તે મહાન માન્યતાઓ, ભાવનાઓ, પ્રેરણાઓ તેમજ ક્રિયાપદ્ધતિઓનો ઉદ્‌ભવ, પ્રચાર તેમ જ વિકાસ કર્યો હતો, જેને કારણે આ દેશનો દરેક બાળક, નર-રત્ન તેમ જ મહાપુરુષ બની શક્યો. અહીંના દરેક મનુષ્યનું વ્યક્તિત્વ, આદર્શ, લક્ષ્ય તેમ જ કર્તવ્ય એટલું શ્રેષ્ઠ હતું કે તેમની ગણના જમીન ઉપર વસતા દેવતાઓમાં થવા લાગી હતી. કોઈ ઈમારતને બનાવવી તથા ઉદ્યોગ ઊભો કરી દેવો જેટલું મુશ્કેલ છે તેના કરતાં હજાર ગણું કાર્ય વ્યક્તિઓના નિર્માણનું છે. માનવીય ચરિત્રની ઈમારત બનાવવી એટલી મહાન છે કે તેની ઉપર તાજમહેલ બનાવવાવાળા હજારો એન્જિનિયરોને ન્યોછાવર કરી શકાય છે. નારદજીએ વાલ્મિકીને ડાકુમાંથી ઋષિ બનાવી દીધો. તેમની કળાની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. જે કલાકાર ભારત માતાના ખોળામાંથી પેદા થયેલ દરેક પથ્થરને ખોદીને, કાપી-તોડી-ફોડીને જગતમાતા રત્નો સ્વરૂપે પરિવર્તિત કરતા હતા તેમની કારીગરીની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે.

## ઋષિઓનું મહાન કર્તવ્ય

ચરક, સુશ્રુત, વાગભટ્ટ, ધન્વન્તરિ, અશ્વિનીકુમાર વગેરે ઋષિઓએ ઉપચાર-વિજ્ઞાન, શસ્ત્રક્રિયા, વનસ્પતિ શોધ વગેરે શોધ કાર્યોમાં પોતાનું જીવન ગાળ્યું જેના ફળ સ્વરૂપે માનવ-પ્રાણીની શારીરિક મુશ્કેલીઓને હલ કરી શકાઈ. શિલ્પ, જ્યોતિષ, રસાયણ, કૃષિ, સંગીત, ભાષા, વાહન વગરે અનેક વિજ્ઞાનની શાખા-પ્રશાખાઓની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવી શોધ તેમણે કરી જેનો લાભ આજે પણ સમગ્ર સંસાર લઈ રહ્યો છે. સમાજવિજ્ઞાન, મનોવિજ્ઞાન, યોગવિજ્ઞાન, ભાવવિજ્ઞાન, ધર્મવિજ્ઞાન વગેરે વિચાર વિજ્ઞાનની અસંખ્ય શાખા-પ્રશાખાઓને તેણે જન્મ આપ્યો. તેઓ કેટલા વેદ વૈજ્ઞાનિક, શોધકર્તા, લગનશીલ, કાર્યકર્તા, તેમજ પરોપકારી હતા. નર-નારાયણની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરવાની તેમણે કેટલી મહાન સાધના કરી હતી. તેના ઉપકારનો બદલો ચુકવવો સમગ્ર સંસાર માટે શક્ય નથી. જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર વિદ્યમાન છે તેમના મહાન કર્તવ્ય માટે માનવ-જાતિ હંમેશાં તેમણે શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતાં કરતાં પોતાનું માથું નમાવશે.

વૈજ્ઞાનિકોને પોતાની શોધખોળો માટે એકાંતની જરૂર પડે છે. પ્રકૃતિની નજદીકતા શારીરિક અને માનસિક અવસ્થાને વધારે છે. આ દૃષ્ટિએ તેઓ માનવ વસતીથી થોડા દૂર જ રહેતા હતા. મોટા નગર તે વખતે ન હતા. વસતી ઓછી અને જમીન વધારે હતી, વન પ્રદેશોની પ્રમુખતા હતી, આ પરિસ્થિતિમાં સામાન્ય રીતે બધાએ વનમાં જ રહેવું પડતું હતું. ઋષિ થોડા વધારે દૂર રહેતા હતા, એ તેમના નિવાસ વિશેની રુચિ હતી. હજુ પણ સુધારેલ દૃષ્ટિકોણવાળા પોતાના ઘર-ઈમારતોની આસપાસ ઝાડ-છોડ-ફુલ ઉછેરે છે. બગીચામાં પણ તેની નજદીક રહેવાનું-બેસવાનું પસંદ કરે છે. આ રહેવાની એક સારી પદ્ધતિ છે. આનો એવો અર્થ નથી કરવાનો કે તેઓ કશું જ કામ નથી કરતા. સામાજિક જવાબદારીને છોડીને એકાંત વનોમાં વનના પશુઓની માફક રહેવા ચાલ્યા જતા હતા. જો આવું થતું હોત તો તે કર્તવ્યોનું પાલન કેવી રીતે કરી શકત. જેના આધારે સમગ્ર ભારતીય સમાજની સમૃદ્ધિ, પ્રગતિ, શિક્ષણ તેમ જ મહાનતા નિર્ભર હતી. દરેક ઋષિના આશ્રમમાં કૃષિ, ગોપાલનથી લઈને વિશાળ ગુરુકુળો સુધીનો વિસ્તૃત કાર્યક્રમ બનેલો રહેતો. દેશ-પરદેશમાંથી વિદ્યાર્થીઓ તેમને ત્યાં અભ્યાસ માટે આવતા હતા. મોટા મોટા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાસ્ત્રો અને ગ્રંથોનું પ્રવચન થતું. મનીષીઓની વિચારધારાઓ અને બેઠકોનું આયોજન થતું હતું. વિશ્વ-વ્યાપી સમસ્યાઓના ઉપાયો શોધવામાં આવતા હતા અને તે ઉપાયોને કાર્યાન્વિત કરવા માટે વિશાળ કાર્યક્રમો બનાવાતા હતા. ધાર્મિક મેળા એ ઉદ્દેશ્યથી ભરાતા હતા કે ત્યાં પહોંચીને સમગ્ર દેશના મૂનિ લોકો વખતે-વખતે બદલાતી પરિસ્થિતિઓના સમાધાનના ઉપાયો શોધે. પ્રયાગનો કુંભમેળો બાર વર્ષ પછી અને હરિદ્વાર, નાસિક, ઉજ્જૈન, વૃંદાવન વગેરેના મેળા વચ્ચે-વચ્ચે નિયમિત થતા રહેતા હતા. આ ખરેખર એક પ્રકારના સંમેલનો એક ધર્મ-સંસદના સૂત્ર હતા. આમાં મહત્ત્વના નિર્ણયો થતા હતા અને આ વિશાળ તૈયારીઓ સાથે સંગઠિત સ્વરૂપે ગોઠવાતા હતા. રાજ્ય-શાસનનું નિયંત્રણ ઋષિઓ જ કરતા હતા, સૂર્યવંશીઓના પૂરોહિત વશિષ્ઠજીની સૂચનાથી તેમની રાજ્ય-વ્યવસ્થાનો ક્રમ ચાલતો હતો. આવી જ વ્યવસ્થા બીજા રાજાઓને ત્યાં પણ હતી. ચાણક્ય જેવા પ્રધાનમંત્રી ઋષિ સ્વરૂપે જ ભારતનું વિશાળ સામ્રાજ્ય સંભાળતા હતા.

## કર્તવ્ય અને જવાબદારીનું પાલન

જો ઋષિઓએ પોતાની આ સામાજિક જવાબદારીઓને છોડી દીધી તો આજના સાધુ બાબાઓની માફક સંસારને માયા, મિથ્યા, ભ્રમ, પ્રપંચ, ભવસાગર કહીને આનાથી દૂર રહેવાનો પ્રયત્ન કર્યો હોત, કર્તવ્યોને છોડવાને ત્યાગ માન્યો હોત તો ભારતીય ઈતિહાસનું આવું ગૌરવપૂર્ણ સ્વરૂપ ન બનત, પોતાની રીદ્ધિ-સિદ્ધિ અને સ્વર્ગમુક્તિની ઝંઝાળમાં પડેલા તેઓ બીજા મર્યાદિત સ્વાર્થીઓ માફક પોતાનો વ્યક્તિગત લાભ ઉઠાવી લેત, પરંતુ તેમના દ્વારા સંસારનું કોઈ હિત સંભવી શક્યું ન હોત., ભારતીય સમાજના ઉત્કર્ષમાં તેઓ યોગદાન ન આપી શક્યા હોત. પણ આજ જેવી વિચારધારા તે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવસોમાં ક્યાં હતી ? જ્યાં વિશ્વ માનવને વિરાટ બ્રહ્મ સમજવામાં આવ્યું હોય અને પરસેવાથી સ્નાન કરાવવાથી ભગવાન પ્રસન્ન થાય તેવી ભાવના રાખવામાં આવી હોય, ત્યાં કર્તવ્યોનો ત્યાગ, ગુફામાં બેઠા બેઠા માળા ફેરવી રહેવા સુધી મર્યાદિત રહેવાની વાત કોઈના મનમાં પેસી શકતી ન હતી. ભગવાન બુદ્ધે સમગ્ર જીવન ભ્રમણ કરીને ધર્મપ્રચાર કર્યો. જ્યારે તેમના મરણનો સમય આવ્યો ત્યારે તેમના શિષ્યોએ પૂછ્યું 'તથાગત ! તમે મોક્ષના અધિકારી બનશો.' ભગવાન બુદ્ધે કહ્યું 'જ્યાં સુધી એક પણ ભવ-બંધનોમાં બંધાયેલો છું ત્યાં સુધી હું કદાપિ મોક્ષનો સ્વીકાર નહીં કરું.' વારંવાર જન્મ લઈશ, મરીશ અને નિરંતર વિશ્વ-માનવની સેવા કરતો રહીશ.' એકલા બુદ્ધ જ કેમ, શંકરાચાર્ય, દયાનંદ, વિવેકાનંદ, ગાંધી, ગુરુ ગોવિંદસિંહ, સમર્થ ગુરુ રામદાસ વગેરે સાધુઓએ આગળના સમયમાં કેટલા મહત્ત્વના કાર્યો કર્યા છે તેને કોણ નથી જાણતું. પ્રાચીન સમયમાં વ્યાસ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અત્રિ, ભારદ્વાજ, ગૌતમ, કપિલ, કણાદ વગરે ઋષિઓએ પોતાના મહાન કર્તવ્યો દ્વારા ભારત જ નહીં સમગ્ર સંસારને પ્રગતિના માર્ગ ઉપર અગ્રેસર કરવામાં આશ્ચર્યજનક સફળતા મેળવી હતી. તેમના વિચાર જો આજ જેવા પલાયનવાદી રહ્યા હોત, સંસારને માયા-જાળ બતાવીને કોઈ ખૂણામાં જીંદગીના દિવસો પસાર કરવા માટે ચુપચાપ જઈને છૂપાઈ બેઠા હોત તો તેમનું શું મહત્ત્વ રહેત અને તેવા પ્રકારની સાધુતા અપનાવવાથી તેમનું અથવા સંસારનું શું ભલું થાત ?

## અવળી ગંગા ન વહે

આજે જ્યાં બધું જ અવળું થઈ રહ્યું છે ત્યાં સાધુતાના સિદ્ધાંત અને આદર્શ પણ અવળા થઈ રહ્યા છે. ખરેખર સંત ત્યાગી તે હોય છે જે સમાજને આપે વધારે અને બદલામાં લે ઓછું, પણ હવે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરિભાષા બદલાઈ ગઈ છે. જે લોકો પાસેથી માન, ધન વગેરે લેતો તો નિરંતર રહે પણ આપવાનું નામ જ ન લે તે મહાત્મા કહેવાય છે. આપવાનો પ્રશ્ન ઉપસ્થિત પણ કેવી રીતે થાય, જ્યારે સંસારને માયા, મિથ્યા, સ્વપ્ન, ભવસાગર માની લેવામાં આવ્યો છે અને આમાંથી જલદી છૂટી જવાનું નક્કી કરી નાંખ્યું છે તો સેવાની વાત મનમાં આવશે જ કેવી રીતે ? ભલા ભવસાગરની તો સેવા થતી હશે ? સારું થાત કે લેતી વખતે પણ આ માન્યતા ધ્યાનમાં રાખી હોત. જ્યારે આપવાનું નથી તો લેવું શા માટે પડે ? ભવસાગરનું આપેલું ભોજન, વસ્ત્ર, ધન, સન્માન આ બધી વાતો પણ મિથ્યા સમજીને તેવી રીતે ત્યાગી દીધી હોત જેવી રીતે કર્તવ્ય પાલન તેમ જ સેવા-ધર્મ-ત્યાગી દીધો છે તો ઉત્તમ થાત. પછી કોઈને આંગળી ઉઠાવવાની જરૂર ન પડત. મેળવવા માટે સંસાર સત્ય અને બદલો ચુકવવા માટે મિથ્યા. આ બે મોંઢાવાળી નીતિ પોતાની જાતને ભ્રમમાં નાખવા તેમ જ જુઠો આત્મસંતોષ કરી લેવા માટે થોડા કામમાં ભલે આવી જાય પણ બીજો કોઈ વિચારશીલ આનાથી સંતોષ પામે નહિ. ન્યાય એ કહે છે કે કોઈ સાધુ જ્યારે પોતાની જાત માટે રીદ્ધિ-સિદ્ધિ, ચમત્કાર, સ્વર્ગ, મુક્તિ ઈચ્છી રહ્યો છે અને તે માટે જપ-તપ પણ કરી રહ્યો છે, તો પછી પોતાના પરિશ્રમ દ્વારા મેળવેલ ધનથી જ તેને પોતાનું ગુજરાન પણ કરવું જોઈએ. બીજાઓના પરસેવાની કમાણીને આધારે પોતાના માટે સુખ-સાધનો મેળવવા એ અનૈતિકતા છે. સ્વર્ગ અથવા તાજમહેલ હોટલમાં મોજ-મજા કરવા જવું છે તો પ્રસન્નતાથી જાઓ પણ તે માટે બીજા ઉપર પોતાનો ભાર કેમ નાંખવામાં આવે ?

એ વાત બીજી જ છે, માયા, મિથ્યા, ભવસાગર વગેરે વાતો તો કહેવા માત્રની છે. તે બધા જ સાધુ સજ્જન પણ આ બધુ જાણે છે. જો આવું હાત તો સ્વાદિષ્ટ અને અસ્વાદિષ્ટ ભોજનમાં, સુવિધા અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અસુવિધામાં, માન અને અપમાનમાં, સ્તુતિ અને નિંદામાં કોઈ અંતર જ નથી દેખાતું, પણ આવું થાય છે ક્યાં ? સાધારણ લોકોની માફક સંસારમાં જે પ્રિય છે, સુંદર છે તેમાં તેઓની પણ રુચિ હોય છે. એશઆરામ માટે તે પણ બીજાઓની માફક જ લલચાયેલી રહે છે. મિથ્યાવાદ, માયાવાદનું બહાનું તો એટલા માટે છે કે તેમને કોઈ કામ કરવા માટે ન કહે. સામાન્ય રીતે આળસુ, કામચોર અને જીવનના દરેક ક્ષેત્રમાં અસફળ વ્યક્તિઓ જ આ રસ્તો અપનાવે છે. તેમને વગર કમાણીએ ગુજરાન અને મુશ્કેલી વગરના દિવસો કાઢવા સિવાય સસ્તી બીજી કોઈ પદ્ધતિ નથી દેખાતી કે બે પૈસાના ભગવા કપડાં રંગવાથી જ મહાત્મા બની જવાય અને આમ-તેમની વાતો કરીને પોતાની સિદ્ધિ અથવા ભક્તિનો રંગ જમાવીને ભોળા લોકો પાસેથી ધન જ નહીં સન્માન પણ મેળવવામાં આવે. જ્યારે પોતાનો સ્વાર્થ પૂરો થઈ જાય તો પછી ઝંઝટમાં પડવાથી શો લાભ ? કોઈ આદર્શ માટે તો સાધુ બન્યા ન હતા. જે સેવાધર્મ અપનાવવા અથવા નરનારાયણને પરિશ્રમથી સિંચેલી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાની વાત વિચારે, જ્યારે ગુજરાન માટે પરિશ્રમ કરવાનું છોડી દીધું તો પછી 'સેવા' કાર્ય જેમાં પરિશ્રમની મજૂરી મલવાની નથી તેનો સ્વીકાર કરી એક નકામી ઉપાધી, માથનો દુઃખાવો શા માટે સ્વીકારવો જોઈએ ? આવા લોકોને કોઈ કશું કહે છે તો પણ તેને તેઓ પોતાનું અપમાન સમજે છે. બાબા થયા છે તો થોડી સેવા કરવા માટે ? આ વેશ તો તેમણે સેવા કરાવવા અને મફતની સુવિધાઓ મેળવવા માટે પહેર્યા છે. જો પરીશ્રમ જ કરવો હોત તો આ શા માટે પહેરત ? પછી તો બીજો કોઈ ઉદ્યોગ કરી રહ્યા હોત.

## સમયની સાથે બદલાઓ

જેનું સ્તર આટલું નીચું ઉતર્યું હોય તો તેને કોઈ આદર્શવાદને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અપનાવવાની વાત કહેવી નકામી છે. પછી જેનું વ્યક્તિત્વ, શિક્ષણ, જ્ઞાન, વિચાર, સંસ્કાર સહેજ ઉંચા પ્રકારના ન હોય તો લોકોની કશી જ સેવા કરી શકતા નથી. સેવા તો તેઓ કરી શકે છે જેની પાસે કશુંક આપવા માટે હોય, જેનું ખીસ્સું જ ખાલી છે તો કોઈને આપશે પણ ક્યાંથી ? આ મહાશયોને એટલું જ કહેવું છે કે હવે આ ધંધો પૂરો થવાના દિવસો આવી પહોંચ્યા છે. મફતખોરીનો વ્યવસાય હવે લાલ-પીળા કપડાં પહેરવાથી પણ હવે ચાલી શકવાનો નથી. દુનિયાનો વિવેક જાગૃત થઈ રહ્યો છે. કેમ, કેવી રીતેના પ્રશ્નો ઝડપથી ઉઠી રહ્યા છે. દરેક બાબતને ખોલી-તપાસવામાં આવી રહી છે. આવી દશામાં એ સાધુ-સંતોની જરૂરિયાત-બિનજરૂરિયાત તપાસવી પડશે અને બિનજરૂરિયાતને હટાવવી જ પડશે. એટલે સારું એ છે કે હજુ પણ સમય છે. સન્માનપૂર્વક પોતાના માટે કોઈ બીજી વ્યવસ્થા કરી દેવામાં આવે. તેમને એ ભવિષ્યવાણીની નોંધ કરી લેવી જોઈએ કે હવે પછીના દસ વર્ષોમાં આ પ્રકારે ગુજરાન ચલાવવું કોઈને માટે સંભવી શકે તેમ નથી. માળાની આડશમાં પણ તેમની આ વર્તમાન પદ્ધતિ ચાલી શકશે નહીં. આવી દશામાં બુદ્ધિમત્તા તેમાં છે કે જેને દસ વર્ષથી વધારે જીવવાની આશા હોય તે પોતાના માટે ગુજરાનનો બીજો કોઈ ઉપાય શોધી કાઢે. ભજન કરવું હોય તો કરે, તે તો પોતાની કમાણી ઉપર આધારિત રહ્યા બાદ પણ થઈ શકે છે. જ્યારે લોકોમાં મફતખોરી તરફ ક્ષોભ પેદા થઈ રહ્યો છે. હવે પછીના દિવસોમાં તે શેષ રૂપે આગળ આવશે અને છેલ્લે તે વિદ્રોહના સ્વરૂપે આગળ આવશે. તેની સામે ટકવું ત્યારે શક્ય બનશે નહીં. એટલા માટે સમય બદલવાની સાથોસાથ પોતાને બદલી લેવામાં જ બુદ્ધિ રહેલી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આત્મ નિરીક્ષણ અને આત્મ-ચિંતનનો સમય

જેમાં વિચાર અને વિવેક હયાત છે જે કોઈ ભાવનાઓથી પ્રેરાઈ મહાત્મા બન્યા છે, જેમાં વ્યક્તિત્વ તેમ જ ભાવના હયાત છે, આ પંક્તિઓ તેમના માટે લખાઈ રહી છે અને અનુરોધ કરાઈ રહ્યો છે કે તેઓ એક વખત શરૂઆતથી અંત સુધી પોતાની સ્થિતિ ઉપર વિચાર કરે. જે વિચારોથી આકર્ષાઈને તેમણે ઘર-દ્વાર છોડયાં છે, સંન્યાસ લીધો છે, તટસ્થ સમીક્ષા કરે અને નવી રીતે એ વિચારે કે વર્તમાન વિચારધારા તેમજ કાર્યપદ્ધતિમાં કોઈ ફેરફાર કરવો યોગ્ય છે કે નહીં. શાંત ચિત્તે, તટસ્થ ભાવે અને નિર્મળ વિવેકને સાથે રાખીને જો પ્રસ્તુત સમસ્યા ઉપર વિચાર કરવામાં આવશે તો નિશ્ચિત રૂપે એક જ નિષ્કર્ષ નીકળશે કે જે સાધુ છે તેમણે પોતાનો સમય બે-પાંચ માળા બેધ્યાન મને ઘૂમાવી લેવામાં જ પોતાનું અમૂલ્ય જીવન બરબાદ કરવું ન જોઈએ. વેશ જોઈને લોકો કશુંક કહે એ વાત બીજી છે પણ આપણો અંતરાત્મા તો કહેશે જ. માનવ-જાતિને, ધર્મ અને સંસ્કૃતિને જે દુર્દશાગ્રસ્ત પરિસ્થિતિઓમાં થઈને આ દિવસોમાં પસાર થઈ રહેવું પડ્યું છે તેમાં સાધુ-બ્રાહ્મણનું તે કર્તવ્ય છે જે આગળ જઈને તેના નજીક ઊભેલા સમર્થ વ્યક્તિઓનું હશે. આજની વર્તમાન વિષમતાઓને દૂર કરવા અને નવ નિર્માણની ઉગતી પ્રવૃત્તિઓને વધારવા માટે એક સાધુનો ફાળો સૌથી મૂલ્યવાન હોઈ શકે છે. ભારતીય ધર્મ-ભાવનાઓને અનુરૂપ સાધુનું સન્માન સામાન્ય રીતે સમાજમાં વધારે હોય છે. ઋષિ પરંપરામાં તેને આ વારસામાં મળ્યું છે. લોકશ્રદ્ધા મનુષ્યની પાસે એક ખૂબ જ મોટી શક્તિ છે. આના સિવાય કૌટુંબિક જવાબદારીઓમાંથી મુક્ત થવું, ગુજરાનની સમસ્યામાંથી નિશ્ચિત થવું, મનુષ્યના જીવનનો એક સુંદર અવસર છે. આ અવસર હજારો-લાખો લોકોમાંથી કોઈ એકને મળે છે, નહીંતર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાન્ય માણસોનો તો બધો જ પરિશ્રમ અને માનસિક ફાળો પારિવારિક તેમ જ આર્થિક સમસ્યાઓને હળવી કરવામાં જ લાગી જાય છે. થોડા મહત્ત્વના કામો કરવા માટે અંતરાત્મા હંમેશાં તડફડે છે, પણ મજબૂરીના બંધન તેને કશું કરવા દેતા નથી. જેને આવી મજબૂરીના બંધનો નથી તેને ઈશ્વરનું સુંદર વરદાન મળ્યું છે તેવું સમજવું જોઈએ. આ સુઅવસર નર-નારાયણની સક્રિય પૂજા-ઉપાસનામાં જ ખર્ચવો જોઈએ. મનુષ્યની સદ્પ્રવૃતિઓના વિકાસમાં લગાવવામાં આવેલો પરિશ્રમ, સમય તેમ જ માનસિક ફાળો એવડું મોટું તપ છે જેની તુલના બીજા કોઈ પૂણ્યથી નથી થઈ શકતી. પોતાની પ્રેરણાથી જેનો જેટલા પ્રમાણમાં વિકાસ થયો તેમાં તેટલું જ શ્રેય છે. સદ્પ્રેરણા મેળવીને જે લોકોએ જે સદ્કર્મો કર્યા છે તેનું મૂલ્ય કરવાવાળાને જ મળે છે, સાથોસાથ તે પ્રેરણા આપવાવાળો પણ પૂણ્યફળનો ભાગીદાર બને છે. શાસ્ત્રમાં પ્રેરણા આપવાવાળાને દસમા ભાગનું પૂણ્ય મળવાની વાત લખાઈ છે. જો પોતાની પ્રેરણાથી ૧૦૦ વ્યક્તિ સદ્માર્ગે ચાલ્યા છે તો દસ વ્યક્તિઓના સારા કાર્યો જેટલું પૂણ્ય આપણને પણ મળશે. લાભની દૃષ્ટિએ પણ આ ખૂબ જ ઉત્તમ ઉપાય છે.

જો આવું ન વિચારીએ તો પણ જે દેશ, ધર્મ, જાતિ, સમાજમાં આપણો જન્મ થયો છે, તેની સેવા કરવી, તેને વધારે ઉંચો, સુખી અને વિકાસશીલ તેમજ વ્યવસ્થિત બનાવવા માટે પ્રયત્ન કરવો મનુષ્યનું પવિત્ર કર્તવ્ય છે. પછી સંત-મહાત્મા જેણે પોતાનુ જીવન જ ઈશ્વરને આપી દીધું છે, તેમના માટે તો આ બધું અનિવાર્ય રૂપે આવશ્યક છે. એવું ન વિચારવું જોઈએ કે સેવાકાર્યોમાં લાગી જવાથી ઈશ્વર ભજનનો પૂરતો સમય મળશે નહિ અને રીદ્ધિસિદ્ધિ અથવા સ્વર્ગ મુક્તિ મેળવવાનો ઉદ્દેશ્ય અધુરો રહી જશે. એ માન્યતા સાચી નથી કે ઈશ્વર ભજન કરવાથી જ પ્રસન્ન થાય છે અને સિદ્ધિઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોગ-સાધનાનું જ ફળ છે. આપણે જાણવું જોઈએ કે સેવા ઈશ્વરની પ્રત્યક્ષ ઉપાસના છે અને આ તપશ્ચર્યાનો ચમત્કાર કોઈ પણ હઠયોગ, તંત્રયોગ, કુંડલિની યોગ વગેરેથી જરા પણ ઓછો નથી. મહાત્મા ગાંધીની તપસ્યા લોક-સેવા હતી, પણ તેમના ચમત્કાર કેટલા અદ્‌ભૂત હતા જેને જોઈને દંગ રહી જવું પડે છે. અમે પોતે જ પોતાના જીવનનો ૨/૩ ભાગ સેવા કાર્યોમાં લગાવ્યો છે અને મેળવ્યું છે તેનું પરિણામ તેનાથી વધારે આશ્ચર્યજનક છે જેટલું તે મંત્ર-તંત્ર દ્વારા શક્ય છે. અમે તેવી ઉપાસના પણ કરી છે. તુલનાત્મક દૃષ્ટિએ એ પરીક્ષણ પણ કર્યું છે કે બંનેમાંથી કયું માધ્યમ ભારે પડયું, તો એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે તંત્ર-મંત્રમાં જોડાઈ રહેવા કરતા કેટલીય વધારે આધ્યાત્મિક પ્રગતિ તેમ જ તેની સફળતા અને અનુભૂતિ સેવા ધર્મ અપનાવવાથી થાય છે. નિશ્ચિત રૂપે સેવા-ધર્મ એક ઉત્તમ પ્રકારની તપ સાધના તેમ જ તપશ્ચર્યા છે અને તેને અપનાવવાવાળાને તે બધા જ સદ્‌પરિણામ મળે છે જે આધ્યાત્મિક સાધનાઓ દ્વારા મળે છે. લોક મંગળથી બીજાને જે લાભ મળે છે, આપણા આત્માને જે શાંતિ આવે છે, તે લાભ તો વધારાનો છે. એટલા માટે સંસારથી કોઈ મતલબ રાખવો જ, ફક્ત પોતાનું ભલું કરવું હોય, તેના માટે એ ઉચિત છે કે સેવા-ધર્મ અપનાવવા અને માનવ અંતઃકરણને શ્રેષ્ઠ બનાવવા માટે જે કોઈ ઉપાય સંભવ હોય તેમાં જીવના જોખમે લાગી જવું. સાધુ-બ્રાહ્મણ સેવાકાર્યોને ભગવાનની પૂજા માનીને કરવા લાગશે તો દેશમાં ચમત્કારિક પરિણામ સામે આવવા લાગશે. તેની વિશાળ સંખ્યા જે કામને હાથમાં લે તેને ચરમ સીમા સુધી પહોંચાડી શકે છે. લોકશ્રદ્ધાને કારણે સહયોગની ખામી નહીં રહે.

દેશમાં ગંદકી એક ભયંકર સમસ્યા છે. દરેક ગામને ઈશ્વરનું મંદિર માનીને જો તેને સાફ-ચોખ્ખું રાખવા, લોકોને સફાઈનું મહત્ત્વ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજાવવા તથા તેની રીતો સમજાવવા થોડું ધ્યાન આપવામાં આવે તો પછી ગામોનાં દૃશ્યો જોવાથી જ આનંદ થાય. લોકોનું સ્વાસ્થ્ય ખૂબ જ નીચું ઉતરતું જાય છે. સાધુ-સંન્યાસી સ્વાસ્થ્ય સંવર્ધનના કામને ઉપાડી લે તો દેશવાસીઓના ઉતરતાં સ્વાસ્થ્યની ટકાવારી સહેજ રીતે જ સંભાળી શકાય છે. પ્રાકૃતિક રહેન-સહેન તથા વ્યાયામ વગેરેની પ્રવૃત્તિઓ ચલાવવા માત્રથી ચમત્કારી પરિણામ મેળવી શકાય છે. આવી રીતે ઉપચાર, ગૌ ઉછેર, સામૂહિક પ્રવૃત્તિઓ વગેરે અનેક કાર્યો વધારી શકાય છે.

## શિક્ષણની સમસ્યા

દેશમાં સૌથી મુખ્ય સમસ્યા શિક્ષણની છે. જ્ઞાનના વિકાસથી જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી શકાય છે, પરંતુ દુર્ભાગ્ય એ છે કે હજુ પણ ૭૦% થી પણ વધારે લોકો નિરક્ષર છે. નિરક્ષરતા માનવ જીવનનો સૌથી મોટો અભિશાપ છે. આ યુગમાં મનુષ્યની વ્યક્તિગત તેમજ સામાજિક મુશ્કેલીઓ તેમ જ જરૂરિયાતો એટલી બધી વધી ગઈ છે કે તેને હલ કરવામાં શિક્ષણની જરૂર પડે છે. વગર ભણેલા વ્યક્તિની ભૌતિક તેમ જ આંતરિક પ્રગતિ રોકાઈ ગઈ છે. પોતાના આસપાસના વાતાવરણમાં જે કંઈ પણ શીખ્યો છે તેટલું જ આડુ-અવળું તે સમજી શકે છે. સંસારમાં બીજે કેવી રીતે વિચારી અને કેવી રીતે બની રહ્યું છે કેવી રીતે કરવામાં આવ્યું છે તેની તેને ખબર નથી પડતી, આ રીતે તે કૂપ-મંડૂક બનીને આંખો હોવા છતાં પણ આંધળાની સ્થિતિમાં પડ્યા રહે છે. આ દુર્દશામાંથી ભારતીય જનતાને કાઢવી જોઈએ. અવિદ્યા પણ એક નરક છે. આમાંના કેટલાક પ્રાણીઓનો ઉદ્ધાર કરવો સાચે જ ખૂબ જ મોટામાં મોટું પૂણ્યનું કામ છે. સંસારના બધા જ સંસ્કારી દેશોમાં નાની ઉંમરના બાળકોને છોડીને બાકી બધા બુદ્ધિશાળી ૧૦૦% શિક્ષિત હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. નિરક્ષરતાને ત્યાંના મનુષ્યોએ કલંક માન્યું છે. એટલા માટે કોઈ તેનો સ્વીકાર નથી કરતું.

ક્યાં છે સમગ્ર સંસારમાં શિક્ષણ માટે આવો પ્રેમ અને ઉત્સાહ કે આંધળા, મુંગા, બહેરા પણ ગ્રેજ્યુએટ બને. ભઠ્ઠાવાળા, ધોબી અને હજામ સુધીના બધા જ પોતાનો ધંધો કરતાં કરતાં પણ રાત્રિ વિદ્યાલયોની મદદથી ઉચ્ચ-શિક્ષણ મેળવે છે અને ક્યાં આપણો દેશ જ્યાં સુખી-સંપન્ન લોકો પણ ભણવાની જરૂરિયાતોનો અનુભવ નથી કરતા. હજુ સુધી દેશમાં એ સમજવવામાં નથી આવ્યું કે વિદ્યાની પણ કોઈ જરૂરિયાત છે ? શું આને સમજવું અને શિક્ષણમાં રસ ઉત્પન્ન કરાવવો આજની સ્થિતિમાં સંત, મહાત્માઓનું પવિત્ર કર્તવ્ય નથી ? ગામે-ગામ જઈને તે લોકોને એ સમજાવે કે તેઓ પોતાના બાળકોને સુશિક્ષિત બનાવવાનું કર્તવ્ય પૂરું કરે. છોકરાઓને જ નહીં છોકરીઓને પણ ભણાવે. જ્યાં સરકારી શાળા છે ત્યાં પોતાના બાળકોને મોકલે, જ્યાં નથી ત્યાં ફાળો એકઠો કરી શિક્ષકની નીમણુંક કરી ભણાવવાની શરૂઆત કરે. જ્યાં શાળાના મકાન નથી ત્યાં બનાવડાવે. જે રીતે પહેલાંના સમયમાં મંદિર, કૂવા, તળાવ, ધર્મશાળા બનાવવાનું લોકો પૂણ્યશાળી કાર્ય સમજતા હતા. હવે શાળાઓ બનાવવાનું તેથી પણ વધારે પૂણ્યશાળી કાર્ય માનવું જોઈએ. સંત મહાત્મા જેમ ફાળો એકઠો કરી મંદિર બનાવતા, ભંડારો અથવા યજ્ઞ કરતા-કરાવતા તેવી રીતે હવે તેમણે શાળાઓની વ્યવસ્થા કરવા, શાળાઓના મકાનો બનાવડાવવાનું કામ પોતાના હાથમાં લેવું જોઈએ. આવી રીતે નારીશિક્ષણ, પ્રૌઢશિક્ષણ તથા ભણેલા-ગણેલાઓને સ્વાધ્યાયની સુવિધા ઉપલબ્ધ કરાવવી યોગ્ય કાર્ય છે. સંત મહાત્મા આ માટે તૈયાર થાય અને આટલા યજ્ઞ, આટલી કથા, ભાગવત્, આટલા બ્રહ્મભોજ વગેરે કરાવવાની પ્રતિજ્ઞા પહેલાં બાબાજી કરતા હતા. તેવી રીતે હવે આટલી શાળાઓ ખોલવાની, આટલી ઈમારતો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવડાવવની, ઘેર-ઘેર જઈને બાળકોની સંખ્યા નિર્ધારિત કરવાની પ્રતિજ્ઞા કરે તો તેવા પ્રકારના પરમાર્થ વ્રત તેમની સાધુતાને સાર્થક બનાવી શકે છે.

## જ્ઞાનના બે અંગ વિકસિત કરે

જ્ઞાનના બે અંગ છે એક શિક્ષણ, બીજું વિદ્યા. શિક્ષણ તે જે ભણવા-લખવાની ક્ષમતા આપે તે. વિદ્યા તે જે વિવેકની આંખો ખોલે છે, સદ્‌વિચાર, સદ્‌ભાવ તેમજ સદ્‌સંસ્કારોને જગાવે છે. શાળા શિક્ષણનું માધ્યમ છે તો પુસ્તકાલય વિદ્યાનું. બંને સંસ્થાઓ જ્યાં હશે ત્યાં કહેવાશે કે મહાભગવતી સરસ્વતીની, માતા ગાયત્રીની બંને ભૂજાઓ એક સમાન રીતે કામ કરી રહી છે. લોક-કલ્યાણની દૃષ્ટિએ આ બંને આયોજન જેટલા મહત્ત્વના છે તેની તુલનામાં શ્રેષ્ઠ કાર્ય બીજું કોઈ સૂઝતું નથી. ભારતમાં ગામોની સંખ્યા લગભગ ૫,૬૭,૧૬૯ અને શહેરોની સંખ્યા લગભગ ૨,૬૯૦ છે. બધા મળીને ૬ લાખથી પણ ઓછા છે. નવી ગણતરી મુજબ ભારતમાં ધર્મજીવી સાધુ-બ્રાહ્મણોની સંખ્યા ૮૦ લાખથી વધારે છે. તેમાંથી અપંગ ભિખારી કાઢી નાંખવામાં આવે તો પણ ૬૦ લાખથી વધારે વ્યક્તિ મળી શકે છે. જો તે બધા શિક્ષણ તેમ જ વિદ્યાના પ્રચારના આ શરૂઆતના પ્રયોજનો હાથમાં લે તો દરેક ગામ પાછળ લગભગ ૧૦ સાધુબ્રાહ્મણ આવે છે. તે જોત-જોતામાં રાષ્ટ્રની આ મહત્ત્વની જરૂરિયાતોને જાતે જ કોઈના સહારા વગર પૂરી કરી શકે તેમ છે.

જો બધા સાધુ-બ્રાહ્મણ આ માટે તૈયાર ન થાય અને એક લાખ એવા પણ કામચોર નીકળી આવે તો એક સાધુ ૬ ગ્રામવાસીઓને સરળતાથી સંભાળી શકે છે. એક નાના ૭ ગામોનું મંડળ બનાવી બેસાડી દેવામાં આવે. સાત દિવસોમાંથી એક-એક દિવસ એક એક ગામ માટે નિયત કરી લે. દરેક અઠવાડીએ પ્રેરણા આપવા માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહોંચી જાય, ભજન-કીર્તન, કથા, રામાયણ, પૂજા, વનનું થોડું શિક્ષણ તેમ જ વિદ્યાનું મહત્ત્વ સમજાવવાનો તેમજ તેમની વ્યવસ્થાક્રમને અગ્રગામી બનાવવાનો પ્રયત્ન કરે તો થોડાક જ દિવસોમાં ફળદાયી ચતત્કારી પરિણામ મળી શકે છે. આ પ્રયત્નોથી સાધુતા ધન્ય થઈ શકે છે. એકલાખ સાધુ, બ્રાહ્મણ પણ જો સાચા હોય તો ૮૦ લાખના માથા ઉપર લાગેલું કલંક ધોઈને સ્વચ્છ કરી શકે છે.

આજે દરેક દિશામાં અંધકાર છવાયેલો છે. શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, ધાર્મિક દરેક ક્ષેત્રમાં આપણે પાછળ છીએ. દરેક દિશામાં ઘણું જ કરવાનું બાકી છે. સાચા લોકસેવકોનો અભાવ છે. બધે જ અંધારુ છવાયેલ છે, ઉજ્જવળ વ્યક્તિઓના અભાવથી સદીઓથી ગળામાં બંધાયેલ પછાતપણું હટાવવાનું કાર્ય થઈ શકતું નથી. તે માટે એવા કાર્યશીલ કાર્યકર્તાઓની ખૂબ જ જરૂર છે જે પોત-પોતાના પરિવારની ચિંતા છોડીને હંમેશાં લોક-સેવામાં લાગેલા રહી શકે. આ કામ સાધુ-સંત જેટલી ઝડપથી-સારી રીતે કરી શકે તેટલી સારી રીતે કોઈ કરી શકે જ નહીં. ભારત માતાને આવા જ સંતોની આજે જરૂર છે. દરેક સાચાં સાધુ કે બ્રાહ્મણે વિશ્વ માનવની સેવા માટે પોતાની જાતને તત્પર રાખવી જોઈએ અને ત્યારે જ આપણી સાધુ પરંપરાનું ગૌરવ, મહત્ત્વ તેમજ ઉપયોગ તેમનો તેમ સહીસલામત રહી શકશે.

❀ ❀ ❀

❀

મુદ્રક યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org